RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 19-09-2026 I VOL : 12 I Issue : 184 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

સમય ક્યારેય કોઈની રાહ જોતો નથી. મહેનતનું ફળ મોડું મળે, પરંતુ ચોક્કસ મળે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  બ્લિન્કીટનું લાયસન્સ સસ્પેન્ડ:ગંદકી અને કરોળિયાના જાળા મળતા...

4  સંબંધોમાં રોમાંચ કરતાં મનની શાંતિ વધુ કિંમતી

6  કેટરિના કૈફે 'બોડી શેમિંગ' મુદ્દે ટ્રોલર્સને આપ્યો જડબાતોડ જવાબ

7  વૈભવને પ્લેઇંગ-11માં ન રમાડવા અંગે ગંભીરનું મોટું નિવેદન

### એક નજર...

#### મોનાલિસાનો બ્લૂ બોડીકોન ડ્રેસમાં બોલ્ડ અંદાજ



મોનાલિસાનું અસલી નામ અંતરા બિસ્વાસ છે, પરંતુ ગ્લેમર ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશતા જ તેણે પોતાનું નામ બદલીને 'મોનાલિસા' રાખી લીધું હતું. ભોજપુરી ફિલ્મો ઉપરાંત તેણે હિન્દી ટીવી સિરિયલ્સ જેવી કે 'નઝર'માં મેલી વિદ્યા અને ડાકણનો રોલ કરીને ઘર-ઘરમાં પોતાની એક અનોખી ઓળખ બનાવી છે. રિયાલિટી શો 'બિગ બોસ'માં ભાગ લીધો હતો.

### NEWS TRACK

#### પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલો, 16નાં મોત:આતંકવાદી વિસ્ફોટકોથી ભરેલી ગાડી લઈને ટકરાયો

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના કોહાટ જિલ્લામાં શુક્રવારની નમાજ દરમિયાન મસ્જિદ પાસે જોરદાર વિસ્ફોટ થયો. તેમાં 16 લોકોનાં મોત થયા છે, જ્યારે 50થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં 5 પોલીસકર્મીઓ અને 11 સામાન્ય નાગરિકો સામેલ છે. વિસ્ફોટથી મસ્જિદનો બહારનો ભાગ સંપૂર્ણપણે તૂટી ગયો અને એક દીવાલ પણ ધરાશાયી થઈ ગઈ. પોલીસના જણાવ્યા મુજબ, પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે કે જૂની પોલીસ લાઇન્સના ગેટ સાથે વિસ્ફોટકોથી ભરેલી ગાડી ટકરાઈ હતી. પાકિસ્તાનમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 990 આતંકી ઘટનાઓમાં 1129 લોકોનાં મોત થયા છે. ખૈબર પખ્તૂનખ્વાના મુખ્યમંત્રી સોહેલ અફરીદીએ ઘટનાનો સંપૂર્ણ રિપોર્ટ માંગ્યો છે. તેમણે કહ્યું કે નિર્દોષ લોકોને નિશાન બનાવવું અત્યંત ખોટું છે અને તેને કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં. તેમણે અધિકારીઓને ઘાયલોની તાત્કાલિક સારવાર કરાવવાના નિર્દેશ આપ્યા. અફરીદીએ કહ્યું, 'આતંકવાદીઓની આવી હરકતોથી દેશનું મનોબળ નહીં તૂટે.

#### અમેરિકા સાથેના યુદ્ધ છતાં ઈરાનના રાષ્ટ્રપતિ પજશકિયાન ન્યૂયોર્ક જશે: અમેરિકાના વીઝા મળ્યા

અમેરિકા અને ઈરાન વચ્ચે 7 મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. તેમ છતાં ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી આગામી અઠવાડિયે ન્યૂયોર્કમાં યોજાનારી UNGA બેઠકમાં હાજરી આપશે. અમેરિકાએ બંનેને વિઝા આપી દીધા છે. બંને નેતાઓ આગામી અઠવાડિયે ન્યૂયોર્કમાં યોજાનારી 81મી UNGAની ઉચ્ચ-સ્તરીય બેઠકમાં ભાગ લેશે. યુદ્ધ શરૂ થયા બાદ આ પહેલીવાર હશે, જ્યારે ઈરાનના ટોચના નેતાઓ અમેરિકાની ધરતી પર પહોંચશે. અમેરિકાના વિદેશ મંત્રાલયે ગુરુવારે આ માહિતી આપી હતી. આ વખતે પ્રતિનિધિમંડળનું કદ ગયા વર્ષની સરખામણીમાં નાનું રાખવામાં આવ્યું છે અને તેના પર અનેક પ્રકારના પ્રતિબંધો લાગુ રહેશે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, તેમ છતાં ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન ન્યૂયોર્કમાં UNGAમાં હાજરી આપી શકશે. તેના બે મોટા કારણો છે. કોઈ દેશના વર્તમાન રાષ્ટ્રપતિને બીજા દેશમાં સામાન્ય આરોપીની જેમ ધરપકડ કરવી સરળ નથી.

## TMCનું ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરાતા રાહુલ ગાંધી ભડક્યા

# ભાજપ-ચૂંટણી પંચ સાથે મળીને પાર્ટી તોડે છે: રાહુલ

### આ લોકશાહીના પતનનું પ્રતીક છે. ચૂંટણી પંચે TMCના બંને જૂથો માટે નામ અને ચિહ્ન ફ્રીઝ કર્યા છે

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર આકરા પ્રહાર કરતાં કહ્યું કે, શિવસેના, NCP બાદ હવે TMCનું નામ અને ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરાયું છે. તેમણે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર પાર્ટીઓ તોડવાનો આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ લોકશાહીના પતનનું પ્રતીક છે. ચૂંટણી પંચે TMCના બંને જૂથો માટે નામ અને ચિહ્ન ફ્રીઝ કર્યા છે, જેથી કોઈ તેનો ઉપયોગ ન કરી શકે. ભારતીય રાજકારણમાં પક્ષપલટો અને ચૂંટણી પ્રતીકોને લઈને ચાલતી ખેંચતાણ હવે પશ્ચિમ બંગાળના મુખ્ય રાજકીય પક્ષ તૃણમૂલ કોંગ્રેસ સુધી પહોંચી ગઈ છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા TMCનું નામ અને ચૂંટણી ચિહ્ન બંને જૂથો માટે ફ્રીઝ કરવાનો આદેશ આપવામાં આવતાં જ દેશનું રાજકીય તાપમાન વધી ગયું છે.

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ આ સમગ્ર મામલે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે મોરચો માંડ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના વિવાદ પર લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ સમગ્ર ઘટનાક્રમને એક પૂર્વઆયોજિત પેટર્ન ગણાવી છે. તેમણે કહ્યું કે, પહેલા શિવસેના, પછી NCP અને હવે તૃણમૂલ કોંગ્રેસ. દરેક વખતે એક જ પેટર્ન, ભાજપ અને ચૂંટણી પંચ મળીને એક પાર્ટીને તોડે છે. ત્યારબાદ તેનું ચૂંટણી ચિહ્ન છીનવી લેવામાં આવે છે. જ્યારે આખેઆખી પાર્ટી ચોરી થઈ શકે છે, તો કરોડો ભારતીયોના મત ચોરી થવા એ પણ કોઈ આશ્ચર્યની વાત નથી. વોટ ચોરી. સરકાર ચોરી. હવે પાર્ટી ચોરી. આ આપણા લોકશાહીના પતનનું પ્રતીક બની ગયા છે.



## નેસ્લેના શિશુ ફોર્મ્યુલા દૂધના દાવા સામે સવાલ

### FSSAIએ સ્પષ્ટતા માંગી, માતા-પિતાને ખાસ સલાહ

નવી દિલ્હી

'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' (FSSAI) દ્વારા બાળકોના સ્વાસ્થ્ય અને પોષણને ધ્યાનમાં રાખીને એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. અગ્રણી ફૂડ કંપની નેસ્લે (Nestle) ઈન્ડિયા લિમિટેડના કેટલાક શિશુ ફોર્મ્યુલા દૂધના ઉત્પાદનો સામે FSSAIએ કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. જો તમે પણ તમારા શિશુ માટે બજારમાંથી ડબ્બાબંધ દૂધ ખરીદતા હોવ તો તમારે ચેતી જવાની જરૂર છે. આવો જાણીએ કે આ વિવાદ શું છે અને કયા ઉત્પાદનો તપાસના ઘેરામાં છે. ભારતીય ફૂડ સેફ્ટી કાયદા મુજબ 0 થી 6 મહિનાના શિશુઓના ફોર્મ્યુલા દૂધ પર નેસ્લે દ્વારા કરાયા છે એવા આકર્ષક કે સ્વાસ્થ્ય સંબંધી દાવાઓ કરવા પર




પ્રતિબંધ છે; કારણ કે આવા દાવાઓ માતા-પિતાને ગેરમાર્ગે દોરીને કુદરતી સ્તનપાન (Breastfeeding) ને બદલે ફોર્મ્યુલા દૂધ તરફ આકર્ષિત કરી શકે છે. આ પ્રકારના પ્રમોશનલ દાવાઓ 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ રેગ્યુલેશન્સ, 2020' ના નિયમ 4(2) નું સીધું ઉલ્લંઘન કરે છે.

## રામ મંદિરના પૂજારીઓ માટે કડક નિયમો લાગુ: તિલક લગાવવું ફરજિયાત

અયોધ્યા

અયોધ્યામાં રામ મંદિરના પૂજારીઓ માટે નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે પૂજારીઓએ વાળ, દાઢી, મૂછ રાખવી પડશે અથવા સંપૂર્ણપણે ક્લીન શેવ રહેવું પડશે. એટલું જ નહીં, તિલક લગાવવું ફરજિયાત રહેશે. દરરોજ પીળા રંગનાં વસ્ત્રો પહેરવા પડશે. શૌચ કર્યા બાદ સ્નાન કર્યા વિના મંદિરમાં પ્રવેશી શકાશે નહીં. નિયમોનું ઉલ્લંઘન થવા પર ગાયના દૂધ, ઘી અને દહીંથી શુદ્ધિકરણ કરવામાં આવશે. રામ મંદિર ધાર્મિક સમિતિના સભ્ય અને શ્રીરામવલ્લભકુંજના પ્રમુખ સ્વામી રાજકુમાર દાસે દિવ્ય ભાસ્કરને નવી ગાઈડલાઈન અંગે માહિતી આપી. 12 સપ્ટેમ્બરે રામ મંદિર ટ્રસ્ટની ધાર્મિક સમિતિની બેઠક યોજાઈ હતી. તેમાં સૌની સંમતિથી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી.

## 'અમે જાતે NTA ઓફિસ જઈને સિસ્ટમ જોઈશું'; NEET પેપર લીક પર સુપ્રીમનું કડક વલણ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે NEET-UG 2026 પેપર લીક અને NTA સુધારા અરજીઓ પર કડક વલણ અપનાવ્યું છે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, ખંડપીઠ પોતે NTA ઓફિસ જઈને વ્યવસ્થા તપાસશે.

સુધારા માત્ર કાગળ પર નહીં, જમીની સ્તરે લાગુ થવા જોઈએ. જસ્ટિસ પી.એસ. નરસિંહાની ખંડપીઠે NTA ને અત્યાર સુધી થયેલા સુધારાનો વિસ્તૃત એફિડેવિટ વેબસાઈટ પર અપલોડ કરવા આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે NEET-UG 2026 પરીક્ષા લીક અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) માં સુધારા સંબંધિત અરજીઓ પર અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે, ખંડપીઠ જાતે NTA ની ઓફિસ જઈને ત્યાંની વ્યવસ્થા અને



સિસ્ટમ ખરેખર કામ કરી રહી છે કે નહીં તેની તપાસ કરી શકે છે. અદાલતે ભારપૂર્વક જણાવ્યું કે, સુધારાઓ માત્ર કાગળના રિપોર્ટ સુધી સિમિત ન રહેવા જોઈએ, પરંતુ તેને જમીની સ્તર પર લાગુ કરવા જરૂરી છે. 'માત્ર કાગળો અને રિપોર્ટ સુધી સિમિત ન રહે સુધારા' કેસની સુનાવણી કરી રહેલી જસ્ટિસ પી.એસ. નરસિંહાની ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, NTAમાં સુધારા માટે રચાયેલી કમિટીની ભલામણો માત્ર કાગળ પર ન રહેવી જોઈએ. સુનાવણી દરમિયાન જસ્ટિસ નરસિંહાએ કહ્યું, 'અમે પોતે NTAની કાયમી ઓફિસ જઈને જોઈશું કે, ત્યાં સિસ્ટમ ખરેખરમાં અસ્તિત્વમાં છે કે નહીં!, તે કેવી રીતે કામ કરી રહી છે, ત્યાં કેટલો મેનપાવર છે, અને બાકીની વ્યવસ્થા કેવી છે.'

# IKDRC અને GUTS માં 'મોદી'રાજ? 6 વર્ષથી ગેરકાયદે 'ઇન્ચાર્જ' શાસન, પતિ કુલપતિ, પત્ની ડીન અને દોષિતોને પ્રમોશનનું કૌભાંડ!

## જાહેરહિતની અગ્રણી સંસ્થાઓમાં વહીવટી ધાંધિયા, નાણાકીય કૌભાંડો અને સગાવાદનો પર્દાફાશ: રજનીકાંત મકવાણાના સણસણતા પુરાવા સાથે ધડાકા.

પાક્કો ગુજરાત

ગુજરાતની અત્યંત સંવેદનશીલ અને પ્રતિષ્ઠિત તબીબી સંસ્થાઓ IKDRC (ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર) અને GUTS (ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ) અત્યારે સારવાર નહીં, પણ સત્તાના દુરુપયોગ, નાણાકીય કૌભાંડો અને ખુલ્લેઆમ ચાલી રહેલા સગાવાદના કારણે વિવાદના વંટોળમાં ઘેરાઈ છે. રજનીકાંત મકવાણા દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર પુરાવાઓએ સંસ્થામાં ચાલી રહેલા 'અંધેર નગરી ને ગંડુ રાજા' જેવા વહીવટની પોલ ખોલી નાખી છે.




આવો સમજીએ, કઈ રીતે આ સંસ્થાઓમાં કાયદા કાનૂનને કોરાણે મૂકીને સત્તાની સાઠમારી ખેલાઈ રહી છે:

### 1. આરોપી પોતે જ ન્યાયાધીશ: કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો ચરચર છેદ

GUTS ના ઈન્ચાર્જ કુલપતિ ડૉ. પ્રાંજલ મોદી વિરુદ્ધ ગંભીર અનિયમિતતાઓની ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. આ ફરિયાદની તપાસ માટે તેને IKDRC ના નિયામકને મોકલવામાં આવી. પરંતુ ખરી રમતના મંડાણ અહીંથી થયા–ડૉ. પ્રાંજલ મોદી પોતે જ IKDRC ના નિયામક હોવાથી, તેમણે પોતાની સામેની જ ફરિયાદમાં પોતે જ સહી કરીને કેસ બંધ (Case Closed) કરી દીધો! 'આરોપી પોતે જ પોતાનો ન્યાયાધીશ બને' એવો આવો અનોખો કાયદાકીય ખેલ રમીને કુદરતી ન્યાયના સિદ્ધાંતોની સરેઆમ ધજાગરા ઉડાવાયા છે.

### 2. 6 વર્ષથી ગેરકાયદેસર 'ઈન્ચાર્જ' શાસનનો દબદબો

'ધ ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ (અમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૨૪' મુજબ, કુલપતિની નિમણૂક ૫ વર્ષના ચોક્કસ કરાર આધારિત સમયગાળા માટે, જાહેર જાહેરાત અને સર્ચ કમિટીની ભલામણ દ્વારા જ થઈ શકે. કાયદામાં કાયમી 'ઈન્ચાર્જ' પદની કોઈ જોગવાઈ જ નથી. તેમ છતાં, કોઈ પણ નિયમ કે સર્ચ કમિટી વિના ડૉ. પ્રાંજલ મોદી ઓક્ટોબર ૨૦૨૦થી (છેલ્લા ૬ વર્ષથી) ગેરકાયદેસર રીતે આ ખુરશી પર ચીપકી રહ્યા છે.

### 3. પતિ 'કુલપતિ' અને પત્ની 'ડીન': સગાવાદની પરાકાષ્ઠા

ડૉ. પ્રાંજલ મોદી પોતે બોર્ડ ઓફ ગવર્નર્સના ચેરમેન છે. સંસ્થામાં દાયકાઓથી સેવા આપતા વરિષ્ઠ અને અત્યંત લાયક પ્રોફેસરોને એકબાજુ હડસેલીને, તેમણે પોતાના જ પત્ની ડૉ. મનિષા મોદીની GUTS ના ડીન (Dean) તરીકે નિમણૂક કરી દીધી! આ સીધેસીધો હિતોના સંઘર્ષ (Conflict of Interest) અને ખુલ્લેઆમ સગાવાદ (Nepotism) નો જ્વલંત પુરાવો છે.

### 4. દોષિત કર્મચારીને 'ટ્રિપલ ચાર્જ' અને ધડાધડ પ્રમોશન

વર્ષ ૨૦૧૫ માં માતાના તબીબી બિલના ખોટા રીઈમ્બર્સમેન્ટ કૌભાંડમાં આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ (વર્ગ-૩) શ્રી કમલ મોદી દોષિત સાબિત થયા હતા. તપાસ સમિતિએ તેમની સામે મોટી સજા (Major Penalty) ની ભલામણ કરી હતી. પરંતુ સજા કરવાના બદલે તેમને બઢતી આપીને GUTS યુનિવર્સિટીમાં Registrar, Chief Administrative Officer (CAO) અને Chief Accounts Officer એમ ત્રણેય પાવરફુલ હોદ્દાઓનો ચાર્જ એકસાથે સોંપી દેવાયો. એટલે કે નાણાં મંજૂર પણ એ જ કરે, હિસાબ પણ એ જ રાખે અને વહીવટ પણ એ જ ચલાવે!

### 5. NOC વિના જ ગેરબંધારણીય ભરતી

જ્યારે યુનિવર્સિટી દ્વારા CAO ની કાયમી ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ, ત્યારે શ્રી કમલ મોદીને તેમના મૂળ વિભાગ (IKDRC) પાસેથી મેળવવાનું ફરજિયાત 'No Objection Certificate' (NOC) લીધા વગર જ સીધા નિયુક્ત કરી દેવાયા. આ સમગ્ર ભરતી પ્રક્રિયા જ ગેરબંધારણીય અને પ્રક્રિયાગત ક્ષતિઓથી ભરેલી છે.

### 6. એન્જિનિયર બન્યા 'પરીક્ષા નિયામક': સરકારી ભંડોળનો અંધાધૂંધ વેડફાટ

IKDRC ખાતે ટેકનિકલ અને એન્જિનિયરિંગ સ્ટાફ પહેલેથી ઉપલબ્ધ હોવા છતાં, GUTS માં અલગથી સિવિલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરોની નવી ભરતી કરીને સરકારી તિજોરી પર બોજ વધારવામાં આવ્યો. આશ્ચર્યની વાત તો એ છે કે, આમાંના એક એન્જિનિયરને એન્જિનિયરિંગ કામ કરવાના બદલે શૈક્ષણિક રીતે અત્યંત સંવેદનશીલ એવા Controller of Examinations (પરીક્ષા નિયામક) નો મહત્વનો ચાર્જ સોંપી દેવાયો છે!

અંતિમ સવાલ:

દર્દીઓની સેવા અને તબીબી શિક્ષણ માટે બનેલી આ સંસ્થાઓ શું ચોક્કસ વ્યક્તિઓના અંગત સ્વાર્થ અને વહીવટી અરાજકતાનો ભોગ બનતી રહેશે? કાયદાની ખુલ્લેઆમ ધજાગરા ઉડાડતા આ જવાબદારો સામે ઉચ્ચ સ્તરીય તપાસ ક્યારે થશે?

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ગુજરાત અને ભારતમાં વીજ કરંટ બન્યો 'મોતનો ફાંસ'

# દરરોજ માનવીઓ અને અબોલ પશુઓ બની રહ્યા છે કાળચક્રનો ભોગ!

### આડેધડ વાયરિંગ અને વીજ કંપનીઓની ઘોર બેદરકારીથી રસ્તાઓ પર મોતનું તાંડવ: NCRBના ચોંકાવનારા આંકડાએ તંત્રની પોલ ખોલી

**અમદાવાદ**

ગુજરાત સહિત સમગ્ર દેશમાં વીજ કંપનીઓની ઘોર બેદરકારી અને આડેધડ નંખાયેલી લાઈનો હવે નાગરિકો અને અબોલ પશુઓ માટે કાળ સાબિત થઈ રહી છે. તાજેતરમાં ૨૨૯ કેવી માંજા ગામે સબસ્ટેશન લાઈન ભટગામના પાટીયા પાસે વાયર તૂટી પડવાની ઘટનાએ તંત્રની જાળવણી કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. સરકારી દફતરે 'અકસ્માતે વીજપાત' (Accidental Electrocution) તરીકે નોંધાતા આ અકસ્માતો વાસ્તવમાં વહીવટી ઉદાસીનતાનું જ પરિણામ છે.



NCRB ના ચોંકાવનારા આંકડા: દેશમાં દરરોજ ૩૦ લોકો વીજ કરંટથી જીવ ગુમાવે છે

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના સત્તાવાર આંકડા અનુસાર:

૧૦ વર્ષમાં ૧.૧ લાખ મોત: ૨૦૧૧ થી ૨૦૨૦ ના ૧૦ વર્ષના સમયગાળામાં સમગ્ર ભારતમાં ૧,૧૦,૦૦૦ થી વધુ લોકોના મોત વીજ કરંટ લાગવાથી થયા છે.

વાર્ષિક ૧૧,૦૦૦ બલિદાન: દેશમાં સરેરાશ દર વર્ષે ૧૧,૦૦૦ થી વધુ અને પ્રતિદિન આશરે ૩૦ લોકો આ માનવસર્જિત આફતનો ભોગ બને છે.

૫૦% નો મસમોટો ઉછાળો: ૨૦૧૧ માં જ્યાં ૮,૯૪૫ મોત નોંધાયા હતા, ત્યાં ૨૦૨૦ સુધીમાં આ આંકડો વધીને ૧૩,૪૪૬ પર પહોંચી ગયો હતો. માત્ર ૨૦૨૦ ના એક જ વર્ષમાં ૨,૦૦૦ મહિલાઓ અને ૧,૭૦૦ નિર્દોષ બાળકોએ જીવ ગુમાવ્યા હતા.

સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યો: મધ્ય પ્રદેશ (૨,૪૧૨), મહારાષ્ટ્ર (૧,૪૯૯) અને ઉત્તર પ્રદેશ (૧,૩૪૭) બાદ ગુજરાતમાં જે રીતે આડેધડ લાઈનો પથરાઈ રહી છે, તે જોતાં રાજ્ય ટૂંક સમયમાં મોતના આંકડામાં મોખરે પહોંચી જાય તેવી ભયાનક સ્થિતિ છે.

ગુજરાતની દયનીય સ્થિતિ: દરરોજ ૧ વ્યક્તિ અને સેંકડો અબોલ જીવોનો હોમાય છે બલિ

ગુજરાતમાં પણ વીજ તારના કારણે થતાં મોતોની સંખ્યા આંખ ઉઘાડનારી છે. ખંભાળીયામાં તાજેતરમાં જ ૨ લોકોના વીજ કરંટથી કરૂણ મોત નિપજ્યા હતા.

માનવ ખુવારી: ૨૦૦૮-૦૯ના માત્ર એક જ વર્ષમાં રાજ્યમાં ૪૧૭ માનવીઓના મોત થયા હતા અને ૩૪૨ લોકો ગંભીર રીતે દાઝ્યા હતા. જેમાંથી ૪૫ મોત તાર તૂટવાથી, ૬૫ બેદરકારીથી અને ૫૬ યોગ્ય જાળવણીના અભાવે થયા હતા.

પશુઓનો સંહાર: સુરતમાં ૨૮ જૂન ૨૦૨૫ના રોજ પીપોદરા રોડ પર કરંટ લાગવાથી એકસાથે ૭ પશુઓના કરૂણ મોત થયા હતા. PGVCL વિસ્તારમાં ૨૦૧૬-૧૭ માં ૨૪૯ અને તેના અગાઉના વર્ષે ૪૬૦ પશુઓ કરંટનો ભોગ બન્યા હતા, જ્યારે ૨૦૦૮-૦૯માં આ આંકડો ૫૨૮ પર પહોંચ્યો હતો.

વન્યજીવો પણ સુરક્ષિત નથી: વનવિભાગ અને વીજ કંપનીઓ મૌન

જંગલી પ્રાણીઓ માટે પણ લટકતા વીજ વાયરો કાળમુખા સાબિત થઈ રહ્યા છે. ૨૦૧૦ થી ૨૦૨૦ ના ૧૦ વર્ષમાં ૧,૩૦૦ વન્યજીવો વીજ કરંટથી મૃત્યુ પામ્યા છે. છેલ્લા ૫ વર્ષના આંકડા અનુસાર ૩૫૦ થી વધુ હાથી, ૧૮૦ ફ્લેમિંગો, ૬૫ દીપડા, ૨૦ વાઘ, ૧૫ રીંછ અને ૧૦ સિંહે વીજ તારના કારણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે.

નાગરિકો માટે મહત્વની જાગૃતિ અને ફરિયાદ પ્રક્રિયા

જો તમારા વિસ્તારમાં ૧૧ KV ના ખુલ્લા તાર હોય, થાંભલા નમેલા હોય કે જોખમી રીતે લટકતા વાયર દેખાય, તો વિલંબ કર્યા વગર તુરંત જ ફોટો પાડીને નીચે મુજબ સત્તાવાળાઓને જાણ કરો:

ફરિયાદ માટે નિકટતમ વીજ કંપની કંટ્રોલ રૂમ હેલ્પલાઈન: 19124 (UGVCL / PGVCL / DGVCL / MGVCL)

ચીફ ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર, ગાંધીનગર ને લેખિત અથવા ઈમેઈલ મારફતે જાણ કરો.

વીજ કંપનીઓની બેદરકારીના કારણે થતા અકસ્માતોમાં પીડિત પરિવાર અથવા પશુપાલક વળતર મેળવવા માટે સંપૂર્ણપણે કાયદેસર રીતે હકદાર છે. તંત્ર માત્ર કાગળ પર પ્રિ-મોન્સૂન કામગીરી બતાવવાને બદલે જમીની સ્તર પર ઝૂકેલા થાંભલા અને ખુલ્લા વાયરોનું સમારકામ કરે તે અત્યંત અનિવાર્ય છે.

---

## ઉમરગામમાં ગમખ્વાર માર્ગ અકસ્માત: સ્વિફ્ટ કાર ઝાડ સાથે અથડાતાં 3 મિત્રોના મોત, 2 ગંભીર; કારનું પડીકું વળી ગયું

**વલસાડ**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં એક અત્યંત કરુણ અને ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. હોટલમાં જમીને પરત ફરી રહેલા પાંચ મિત્રોની સ્વિફ્ટ કાર પુરઝડપે ઝાડ સાથે અથડાતાં સ્થળ પર જ ચીસાચીસ અને અરેરાટી વ્યાપી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ૩ યુવાનોના નીપજ્યા છે, જ્યારે ૨ લોકો ગંભીર રીતે ઘવાય હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત એટલો ભીષણ હતો કે કાળી સ્વિફ્ટ કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો અને ગાડીનું પડીકું વળી ગયું હતું. કારમાં ફસાયેલા મૃતદેહો અને ઈજાગ્રસ્તોને બહાર કાઢવા માટે સ્થાનિક લોકો અને રાહદારીઓએ ભારે મશક્કત કરવી પડી હતી. અંતે કારના પતરાં કાપીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, પાંચેય મિત્રો હોટલમાં રાત્રિભોજન પતાવીને નિજ નિવાસસ્થાને પરત ફરી રહ્યા હતા ત્યારે કાર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર રસ્તા કિનારે આવેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતના અવાજથી આસપાસના સ્થાનિકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી.

## અનાવલમાં રૂ.2.97 લાખનો દારૂ ઝડપાયો, 5.07 લાખનો મુદ્દામાલ કબજે

**સુરત**

સુરત ગ્રામ્યના અનાવલ પોલીસ સ્ટેશનની હદમાં SMCએ દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. SMCના પો.સબ.ઈન્સ. જે.એસ. રાજપુતની ટીમે કાંકરીયા ગામની સીમમાં કુમકોતરથી કાંકરીયા ગામ તરફ જતા અંબિકા નદીના પુલ પર કાર્યવાહી કરી હતી. જેમાં દારૂ-બીયરની આશરે 35 પેટી તથા 1,284 બોટલ, કિંમત રૂ.2,97,744, એક વાહન અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.5,07,744નો મુદ્દામાલ કબજે કરાયો હતો. દરોડા દરમિયાન આશીષ સચ્ચાલાલ યાદવ, રહે. પારડી ભેસલાપાડા, વલસાડ, મૂળ ઉત્તરપ્રદેશ,ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

જ્યારે વિકાસ ઉર્ફે વિકાસ ભૈયો અશોકભાઈ યાદવ, શનિ ઉર્ફે શનિભેલ રાજેશભાઈ ગુપ્તા તથા દારૂનો જથ્થો મંગાવનાર ડેગો નામનો ઈસમ અને વાહન માલિક સહિત કુલ ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. આ અંગે અનાવલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહિબિશન એક્ટની કલમ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ કુલ પાંચ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે.

## પાલેજમાં ટ્રકમાંથી 4,920 ટીન બીયર ઝડપાયા, રૂ.19.28 લાખનો મુદ્દામાલ જપ્ત

**પાલેજ**

ભરૂચ LCBએ પાલેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાતમીના આધારે રેડ કરી ટાટા LPT ટ્રકમાંથી ભારતીય બનાવટના 4,920 ટીન બીયર ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી હિમાચલ પ્રદેશના હેમચંદ શ્યામલાલ કૌશલને ઝડપી લીધો હતો, જ્યારે અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

પોલીસે 205 બોક્સમાં ભરેલા 4,920 ટીન બીયર કિંમત રૂ.7,08,480, મોબાઈલ ફોન રૂ.20 હજાર અને ટાટા LPT ટ્રક નંબર HP-93-8530 કિંમત રૂ.12 લાખ મળી કુલ રૂ.19,28,480નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પાલેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની સંલગ્ન કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કરજણમાં લોન એપના નામે યુવાન સાથે રૂપિયા 5.44 લાખની છેતરપિંડી

**કરજણ**

કરજણના જૂના બજાર વિસ્તારમાં રહેતા 27 વર્ષીય યુવાને મોબાઈલમાં પર્સનલ લોન માટે એપ્લિકેશન સર્ચ કરતા રીવો લાઈન નામની એપ્લિકેશનની લોભામણી જાહેરાતમાં ફસાઈ રૂ.5.44 લાખ ગુમાવ્યા હોવાની ફરિયાદ નોંધાવી છે. દિપક શાંતિલાલ પરમારે 13 જુલાઈના રોજ ઓનલાઈન પર્સનલ લોન માટે સર્ચ કર્યું હતું. એપમાં બેંક સહિતની વિગતો અપલોડ કર્યા બાદ થોડા સમયમાં તેના ખાતામાં રૂ.1 લાખ જમા થયા હતા.

ત્યારબાદ લોનની રકમ સમય મર્યાદામાં પરત ભરવાથી ક્રેડિટ રકમ ડબલ થઈ જશે તેવી લોભામણી જાહેરાત બતાવવામાં આવી હતી. આ જાહેરાત પર વિશ્વાસ કરી દિપકે પ્રથમ સાતેક દિવસમાં રૂ.1.80 લાખ જમા કરાવ્યા હતા. ત્યારબાદ ક્રેડિટ લિમિટ વધારવાના નામે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે ત્રણથી સાત વખત મળી કુલ રૂ.5,44,099 જમા કરાવ્યા હતા.

## અંકલેશ્વરમાં વરલી મટકાનો જુગાર ઝડપાયો : 94,850નો મુદ્દામાલ કબજે

**અંકલેશ્વર**

અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં SMCએ વરલી મટકાના જુગાર પર દરોડો પાડી રોકડા રૂ.26,850 સહિત કુલ રૂ.94,850નો મુદ્દામાલ કબજે કર્યો હતો. SMCના પો.ઈન્સ. જે.જે.ચાવડાની ટીમે અંકલેશ્વર સર્કલ ત્રણ રસ્તાથી ONGC ઓફિસ તરફ જતા માર્ગ પર સરગમ કોમ્પલેક્ષ નજીક ખુલ્લી જગ્યામાં કાર્યવાહી કરી હતી. જેમાં રોકડ રકમ ઉપરાંત એક વાહન, 7 મોબાઈલ ફોન તથા જુગારનું સાહિત્ય કબજે કરવામાં આવ્યું હતું.

દરોડા દરમિયાન મુસ્તાક મહમદ પટેલ, અજયકુમાર ગોપાલભાઈ સોની, સોકતઅલી જાફરઅલી સૈયદ, નિતેશ ચંદુભાઈ દેવીપુજક, જય ભવરસિંગ રાઠોડ, મનસુખભાઈ નાતીયા પરમાર, દિલાવર અકબરસા દિવાન સહિત 7 આરોપીઓ તથા આંક-ફરકનો જુગાર રમાડતી એક મહિલા મળી કુલ 8 આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે આંકડા લખનાર રાઈટર તરીકે બેસેલા બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

---

### શિક્ષણના ભોગે ગુલામીના દીવા? ક્યાં સુધી ચાલશે આ રાજકીય તાયફાઓ?

## જ્ઞાનના મંદિરોમાં સરસ્વતીની આરાધના છોડીને નેતાઓની ગુલામી અને ખુશામતના દીવા પ્રગટાવાનું ક્યારથી શરૂ થઇ ગયું?

**અમદાવાદ**

અમદાવાદની વિશ્વેશ્વરૈયા ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ (VGEC) માં આજે શિક્ષણ અને શિસ્તના ધજાગરા ઉડતી એક શરમજનક ઘટના સામે આવી છે. કોલેજ પ્રશાસન દ્વારા વિદ્યાર્થીઓની મિડ-સેમેસ્ટર પરીક્ષાનો નિયત સમય અચાનક બદલી નાખવામાં આવ્યો. સવારના બદલે પરીક્ષા સાંજે ૫:૦૦ થી ૬:૩૦ કલાકની કરી દેવાઈ. કોઈ મોટી શૈક્ષણિક કે તકનીકી આપત્તિ નહોતી આવી, પરંતુ અસલી કારણ જાણીને કાળઝાળ ગુસ્સો આવે તેમ છે. સાહેબનો જન્મદિવસ છે અને સાંજ પછે દીવા પ્રગટાવીને ફોટા પડાવવાના તાયફા કરવાના છે. જ્યાં વિદ્યાર્થીઓની કારકિર્દી અને



ભવિષ્ય કરતાં નેતાઓના ફોટોશૂટ અને ખુશામત વધારે મહત્વની બની ગઈ છે તે વાહ રે આપણી શિક્ષણ વ્યવસ્થા! સવારના સત્રમાં ગોઠવાયેલી પરીક્ષાને માત્ર એટલા માટે બદલી નાખવામાં આવે છે કે જેથી વિદ્યાર્થીઓને સાંજે ૭:૦૦ વાગ્યે કોલેજમાં રોકી રાખીને ગુણગાન ગાવાના કાર્યક્રમમાં બલિના બકરા બનાવી શકાય. સરકારી કોલેજો હવે જ્ઞાનના મંદિરો રહી છે કે કોઈ રાજકીય નેતાના પ્રચારના અડ્ડા? શું ડિગ્રી કે એન્જિનિયરિંગની પદવી હવે ભણીને નહીં, પણ નેતાની આરતી ઉતારીને મેળવવાની છે? એક પક્ષીય નેતાના ફોટોશૂટ માટે સેંકડો વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને ભવિષ્ય સાથે ચેડાં કરવાનો અધિકાર કોણે આપ્યો?

શિક્ષણ મંદિર જેવા પવિત્ર સ્થળોને રાજકીય ગુલામીના સ્ટેજ બનાવતા પ્રશાસનના પેટનું પાણી પણ કેમ નથી હાલતું? આવા તુઘલકી આદેશો આપનાર સત્તાધીશો વિદ્યાર્થીઓના રોષ અને કથળતા ભવિષ્યથી ડરતા કેમ નથી? દૂર-દૂરથી આવતા હોસ્ટેલના વિદ્યાર્થીઓ અને વાહનવ્યવહારની મુશ્કેલીઓનો સામનો કરતા યુવાનોને છેલ્લી ઘડીએ પરીક્ષાનો સમય બદલીને માનસિક ત્રાસ આપવો એ ક્યાંનો ન્યાય છે?

શિક્ષણને આવા સસ્તા રાજકીય દેખાડાઓથી બિલકુલ મુક્ત રાખવું જ પડશે. સ્પષ્ટ અને સખત માંગ છે કે, આજની પરીક્ષા પૂર્ણ થતાની સાથે જ વિદ્યાર્થીઓને તાત્કાલિક મુક્ત કરવામાં આવે.

## મુંબઈમાં લાલબાગના રાજાના દર્શને ગયેલ દહેગામના વેપારીનું હાર્ટએટેકથી મોત : દર્શન દરમિયાન અચાનક ઢળી પડ્યા

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાના દહેગામના એક જાણીતા કાપડ વેપારી મુંબઈમાં વિશ્વ પ્રસિદ્ધ લાલબાગના રાજાના દર્શને ગયા હતા. દર્શન દરમિયાન જ તેમને અચાનક હૃદયરોગનો હુમલો આવતા તેમનું મોત થયું હતું.

મળતી માહિતી મુજબ, દહેગામના વેપારી જયેશભાઈ અશ્વિનભાઈ ભાવસાર પોતાના મિત્રો સાથે મુંબઈ લાલબાગના રાજાના દર્શન કરવા પહોંચ્યા હતા. બુધવારે સાંજે લગભગ 4:30 વાગ્યે તેઓ મિત્રો સાથે દર્શન માટે લાઈનમાં ઊભા હતા.

આ દરમિયાન તેમને ખૂબ પરસેવો થવા લાગ્યો અને થોડી જ વારમાં તેઓ બેભાન થઈને પડી ગયા. આ ઘટનાથી આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. તેમના મિત્ર હિતેશભાઈ અને સ્થાનિક લોકોએ તરત જ તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા. હોસ્પિટલમાં ડોક્ટરોએ તેમને બચાવવાના ઘણા પ્રયાસ કર્યા. પરંતુ હોસ્પિટલ પહોંચતા જ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. જયેશભાઈ પોતાના માતા-પિતાના ચાર પુત્રીઓ પછીના સૌથી નાના અને લાડકા પુત્ર હતા. તેઓ દહેગામમાં કાપડનો ધંધો કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના પરિવારમાં પત્ની, એક નાનો પુત્ર, એક પુત્રી અને વૃદ્ધ માતા-પિતા છે. આ અચાનક બનેલી ઘટનાથી સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. યુવાન વેપારીના અચાનક અવસાનથી દહેગામ પંથક અને વેપારી આલમમાં શોક છવાઈ ગયો છે.

## અંબાજીમાં વડાપ્રધાનના જન્મદિને ભવ્ય મહાઆરતી

### 76,000 દીવાઓથી પરિસર ઝળહળ્યું, ડ્રોન શોમાં PMની પ્રતિકૃતિ આકર્ષણનું કેન્દ્ર બની

**અંબાજી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે બનાસકાંઠા જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. તેમની 25 વર્ષની 'જનસેવાથી રાષ્ટ્રસેવા'ની સફરની ઉજવણીના ભાગરૂપે, સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીના ચાચર ચોકમાં એક ભવ્ય મહાઆરતીનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ વડાપ્રધાનના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટેની પ્રાર્થના સાથે યોજાયો હતો.



આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને પ્રદેશ સંગઠનના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા હાજર રહ્યા હતા. મહાનુભાવો અને હજારો શ્રદ્ધાળુઓએ માતા આદ્યશક્તિના ચરણોમાં શીશ નમાવી વડાપ્રધાન નિરોગી અને યશસ્વી જીવન પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના કરી હતી.

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને માં જગદંબા પ્રત્યે અતૂટ શ્રદ્ધા છે. ગુજરાત તેમની કર્મભૂમિ રહી છે અને તેમણે સમગ્ર ગુજરાત, ખાસ કરીને ઉત્તર ગુજરાતના વિકાસ માટે ઘણા કામ કર્યા છે. આ કારણે લોકોના હૃદયમાં તેમના પ્રત્યે અપાર પ્રેમ અને આદર છે. અધ્યક્ષે વધુમાં જણાવ્યું કે, આજે હજારો નાગરિકો અને યુવાનોએ ચાચર ચોકમાં ભેગા થઈને માં અંબા સમક્ષ બે મુખ્ય પ્રાર્થનાઓ કરી. પહેલી, વડાપ્રધાનને માતાજી લાંબુ આયુષ્ય અને સારું સ્વાસ્થ્ય આપે. બીજી, તેમના નેતૃત્વ હેઠળ ભારત વિશ્વમાં એક શક્તિશાળી અને 'વિકસિત રાષ્ટ્ર' બને. આ ખાસ કાર્યક્રમમાં અંબાજી મંદિર પરિસરમાં 76,000 થી વધુ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. હજારો દીવાની રોશનીથી સમગ્ર ચાચર ચોક અને મંદિર પરિસર ઝગમગી ઉઠ્યું હતું. જાણે પવિત્ર ધામમાં દીપોત્સવનો પર્વ ઉતર્યો હોય તેવો આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો. આ ભવ્ય આયોજનનું મુખ્ય આકર્ષણ આકાશમાં થયેલો અદ્યતન 'ડ્રોન શો' રહ્યો. આધુનિક ટેક્નોલોજીથી ડ્રોન દ્વારા આકાશમાં સુંદર આકૃતિઓ બનાવાઈ હતી. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી માં અંબાના ચરણોમાં શીશ નમાવી રહ્યા હોય તેવી પ્રતિકૃતિ દર્શાવવામાં આવી હતી.

## ડેરી પાર્લરમાંથી ચોરી કરતા, 3.43 લાખના મુદ્દામાલ સાથે તસ્કર ઝડપાયો

### ગાંધીનગર શહેરમાં દૂધના કેરેટ ચોરી કરવાનો સિલસિલો 9મી સપ્ટેમ્બરથી શરૂ થયો હતો

**ગાંધીનગર**

ગાંધીનગરમાં છેલ્લા નવ દિવસથી વહેલી પરોઢે ડેરી પાર્લરોને નિશાન બનાવી દૂધ, દહીં અને છાશના ભરેલા કેરેટની ચોરી કરતી શાતિર તસ્કર ગેંગનો સેક્ટર-21 પોલીસ સ્ટેશનની ટીમે પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડો પાડીને ચોરીમાં વપરાતી ફોર વ્હીલ ગાડી, મોટી સંખ્યામાં પ્લાસ્ટિકના કેરેટ તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા 3.43 લાખનો મુદ્દામાલ કબજે કરી ગોકુળપુરાના રીઢા ચોર અને તેની સાથેના સગીરને ઝડપી લીધા છે. મળતી વિગતો અનુસાર, ગાંધીનગર શહેરમાં દૂધના કેરેટ ચોરી કરવાનો સિલસિલો 9મી સપ્ટેમ્બરથી શરૂ થયો હતો. વહેલી સવારે અઢી થી 6 વાગ્યાના સમયગાળા દરમિયાન જ્યારે ડેરીઓમાંથી દૂધ અને છાસનો જથ્થો દૂધ કેન્દ્રો પર



પહોંચાડવામાં આવતો હોય ત્યારે પાર્લર માલિકોની ગેરહાજરીનો લાભ ઉઠાવી આ તસ્કરો ત્રાટકતા હતા. સેક્ટર-17માં ઈન્દ્રવદનભાઈના દૂધ કેન્દ્ર, સેક્ટર-21માં ગીરીશભાઈ પટેલના પાર્લર પરથી 15 કેરેટ, સેક્ટર-26 ગ્રીનસિટીમાં સંજયભાઈ પટેલના મારૂતિ પાર્લર ખાતેથી 17 કેરેટ, સેક્ટર-15ના જય ભોલે પાર્લર પરથી 7 કેરેટ તેમજ સેક્ટર-5 અને સેક્ટર-20માંથી મોટા પ્રમાણમાં કેરેટ ચોરાયા હતા. ટૂંક સમયમાં સાત જેટલા સ્થળોએ ચોરી થતાં વેપારીઓ અને સંચાલકોમાં ભારે ચિંતા અને અસંતોષ વ્યાપી ગયો હતો.

આ સિરીયલ ચોરીની ઘટનાઓને ઉકેલવા માટે સેક્ટર-21 પોલીસ મથકના પીઆઈ એલ.પી. દેસાઈ અને તેમની સર્વેલન્સ ટીમે કમર કસી હતી. પોલીસ સ્ટાફના માણસો જ્યારે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલી ચોક્કસ સંયુક્ત બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને સેક્ટર-14 ગોકુલપુરા ખાતે રહેતા 23 વર્ષીય શિવાભાઈ રણછોડભાઈ ભરવાડને ઝડપી લીધો હતો.

# બ્લિન્કીટનું લાયસન્સ સસ્પેન્ડ: ગંદકી અને કરોળિયાના જાળા મળતા ફૂડ વિભાગની કાર્યવાહી, NID સહિત 14 હોસ્ટેલમાં તપાસ

■ ગાંધીનગરમાં આવેલી NID, NIFT સહિત 14 હોસ્ટેલ-કેન્ટીનમાં તપાસ કરી ખાધ પદાર્થના 34 નમૂના લેવામાં આવ્યા

ગાંધીનગર

મહારાષ્ટ્રમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા તત્વો પર તવાઈ બોલાવનાર તુકારામ મુંઢે નામના અધિકારી ચર્ચામાં છે. ગાંધીનગર મનપાની ફૂડ શાખાએ રાયસણ વિસ્તારમાં આવેલા બ્લિનકીટ સ્ટોર પર દરોડો પાડ્યો. સ્ટોરમાં જે સ્થળ પર ખાદ્ય પદાર્થ રખાયા હતા ત્યાંથી ગંદકી અને કરોળિયાના જાળા મળતા ફૂડ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું. સ્ટોરને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપી બંધ કરી દેવામાં આવ્યો. જો સુધારો કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં કાયમી માટે લાયસન્સ સસ્પેન્ડ થઈ શકે છે.

આ ઉપરાંત ફૂડ વિભાગની ટીમે ગાંધીનગરમાં આવેલી NID, NIFT સહિત 14 હોસ્ટેલ-કેન્ટીનમાં તપાસ કરી ખાદ્ય પદાર્થના 34 નમૂના લેવામાં આવ્યા.

ગાંધીનગર મહાનગરપાલિકાને મળેલી ચોક્કસ ફરિયાદના આધારે ફૂડ સેફ્ટી ટીમે રાયસણ સ્થિત બ્લિનકીટ સ્ટોર પર 'ફૂડ સેફ્ટી



એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2006' હેઠળ દરોડો પાડવામાં આવ્યો. તપાસ દરમિયાન સ્ટોરમાં સબ-સ્ટાન્ડર્ડ સેનિટેશન અને હાઈજીન સ્થિતિ જોવા મળી. દુકાનની દીવાલો પર કરોળિયાના જાળાં બાઝેલાં હતાં તો સ્ટોરેજની યોગ્ય વ્યવસ્થા નહોતી અને ગ્રાહકોને ડિલિવર કરવાની ખાદ્યસામગ્રી અત્યંત ગંદા તથા સફાઈ વગરના રેક પર રાખવામાં આવી હતી.

જે અંતગર્ત શિડ્યુલ-4 ની જોગવાઈઓનો ભંગ માલૂમ પડતાં જ તંત્રે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારીને તેનું લાયસન્સ તાત્કાલિક સસ્પેન્ડ કર્યું હતું. જો નિયત સમયમાં સુધારો કરવામાં નહીં આવે તો લાયસન્સ કાયમી ધોરણે રદ કરવા સહિતની સખત કાયદાકીય કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે.

બીજી તરફ સમગ્ર રાજ્યમાં ચાલી રહેલી હોસ્ટેલ કિચન તપાસ ઝુંબેશ અંતર્ગત પાલિકાની ટીમે ગાંધીનગરની પ્રતિષ્ઠિત સંસ્થાઓ પર દરોડા પાડ્યા. જેમાં યુથ હોસ્ટેલ ગીતા રેસિડેન્સી, જી.આઈ.ડી.એમ., સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ હોસ્ટેલ, ઈડીઆઈ (EDI) ભાટ, આદર્શ નિવાસી શાળા, એનઆઈડી (NID), ઉત્કર્ષ હોસ્ટેલ, અન્નપૂર્ણા ધામ, આઈએઆર (IAR), કડી સર્વ વિદ્યાલય, એનઆઈએફટી (NIFT) અને ડીએઆઈઆઈસીટી (DAIICT) કેમ્પસની કેન્ટીન સહિત 14 સ્થળે તપાસ કરાઈ હતી.

આ દરોડા દરમિયાન યુથ હોસ્ટેલ ગીતા રેસિડેન્સીમાં અસ્વચ્છતા દેખાતાં તેને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ અપાઈ છે. આ તપાસ દરમિયાન વિવિધ સ્થળોએથી ખાદ્યપદાર્થોના 34 નમૂના લેવાયા છે. જે અંગે લેબ રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરાશે. મહાનગર પાલિકાના ડેઝિગ્નેટેડ ઓફિસર એસ. એ. ઓડે તમામ ફૂડ બિઝનેસ ઓપરેટરો, હોસ્ટેલ અને કેન્ટીન સંચાલકોને કડક સૂચના આપી છે કે રસોડામાં કામ કરતા કર્મચારીઓએ કેપ, એપ્રોન અને ગ્લોવ્ઝ ફરજિયાત પહેરવાના રહેશે. તૈયાર ખોરાકમાં કૃત્રિમ રંગોનો ઉપયોગ ન કરવા, ન્યૂઝપેપરમાં ખોરાક ન પીરસવા અને નાશવંત ચીજો યોગ્ય તાપમાને રાખવા સ્પષ્ટ આદેશ અપાયા છે. નાગરિકોને શુદ્ધ અને સલામત ખોરાક મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા આ કડક ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

વિમલ સોસાયટી, ગોવિંદ પાર્ક-1 અને 2 બેટમાં ફેરવાયા

# ડભોઈની શિનોર ચોકડી પાસે માત્ર નહીં જેવા વરસાદમાં જળબંબાકાર!!

ડભોઇ

ડભોઈની શિનોર ચોકડી નજીક આવેલી વિમલ સોસાયટી તેમજ ગોવિંદ પાર્ક-૧ અને ગોવિંદ પાર્ક-૨ વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી અને અણઘડ કામગીરી સામે આવી છે. માત્ર સામાન્ય અને નહીં જેવા વરસાદમાં જ આખી સોસાયટીઓ બેટમાં ફેરવાઈ ગઈ છે. તંત્ર દ્વારા હાથ ધરાયેલા રોડના અણઘડ નિર્માણ કાર્યના કારણે આજે સેંકડો રહીશોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ગોવિંદપાર્ક-૨ સોસાયટી સહિત આસપાસના વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં અંદાજે ૫૦ જેટલા મકાનોના રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. લગભગ દરેક ઘરના ડ્રોઈંગ રૂમ સુધી અડધો-અડધો ફૂટ પાણી ઘૂસી ગયા છે. પવિત્ર ગણેશોત્સવનો તહેવાર ચાલી રહ્યો હોય, ઘરોમાં સ્થાપિત વિઘ્નહર્તા બાપ્પાની મૂર્તિઓ વચ્ચે પૂજા-અર્ચના કરવી અને નાના બાળકોને શાળાએ



મોકલવા પણ અત્યંત મુશ્કેલ બની ગયા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૦ દિવસથી વિસ્તારમાં નવા રોડનું કામ ચાલી રહ્યું છે. પરંતુ રોડનું સ્તર આડેધડ ઊંચું કરી દેવાતાં આખી સોસાયટી ૫ થી ૬ ફૂટ ઊંડા ખાડા સમાન બની ગઈ છે. રોડ કામગીરી દરમિયાન જૂની ડ્રેનેજ લાઈન તોડી નાખવામાં આવી હતી અને પાણીના નિકાલ માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નહોતી. પરિણામે, સામાન્ય વરસાદનું પાણી પણ બહાર નીકળવાને બદલે સીધું સોસાયટીઓમાં ભરાઈ ગયું છે. ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની તૈયારી

પાણી ભરાવાની આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિકોએ વારંવાર તંત્ર અને સંબંધિત અધિકારીઓને ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ જ જવાબ કે યોગ્ય પ્રતિસાદ મળ્યો નથી. તંત્રની આ બિનજવાબદાર નીતિ સામે રહીશોમાં ભારે રોષ વ્યાપ્યો છે.

મુંબઈમાં મિલકત ખરીદીના નામે બિલ્ડર સાથે 2 કરોડની ઠગાઈ

# ગાંધીનગરની આંગડિયા પેઢીમાંથી બનાવટી ટોકનથી રકમ ઉપાડી લીધી, આંતરરાજ્ય ગેંગનું કારસ્તાન

ગાંધીનગર

હિંમતનગરના બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી સાથે મુંબઈમાં મિલકત ખરીદીના નામે રૂપિયા 2 કરોડની ઠગાઈનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગાંધીનગરના સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં બિલ્ડર ઘનશ્યામસિંહ પ્રેમસિંહજી ભાટીની ફરિયાદના આધારે આંગડિયા પેઢીના કર્મચારીઓ અને મુંબઈના દલાલો સહિત 11 આરોપીઓ સામે વિવિધ કલમો હેઠળ આંતરરાજ્ય સંગઠિત ગુનાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

હિંમતનગરના મહેતાપુરા ખાતે ઓમ ડેવલોપર્સ તથા અથર્વ મિનરલ્સ નામે વ્યવસાય કરતા બિલ્ડર ઘનશ્યામસિંહ ભાટી મુંબઈ ખાતે નવી મિલકત ખરીદવા માંગતા હતા. આ દરમિયાન તેમના મુંબઈ સ્થિત મિત્ર રાજેન્દ્ર કાંગલે મારફતે મિલકત દલાલ આશીષ સુરેશકુમાર સીંગ અને અરુણકુમાર સાથે તેમનો પરિચય થયો હતો. દલાલોએ મુંબઈમાં ફાયદાકારક પ્રોપર્ટી હોવાનું જણાવી બિલ્ડરને રોકાણ કરવા આકર્ષિત કર્યા હતા.

બાદમાં તારીખ 1 સપ્ટેમ્બરના રોજ આશીષ સીંગે બિલ્ડરને ફોન કરીને જણાવાયું હતું કે, મુંબઈ રોકડા નાણાં સાથે લાવવામાં જોખમ હોવાથી ગાંધીનગરથી મુંબઈ 2 કરોડનું સેલ્ફ આંગડિયું કરાવી લેવું જેથી ત્યાં રૂબરૂ ઉપાડી શકાય.જેથી ઘનશ્યામસિંહે મુંબઈથી આંગડિયા પેઢીનું ટોકન માંગતા આશીષ સીંગે રાહુલ નામના વ્યક્તિનો સંપર્ક કરાવ્યો હતો.

એટલે રાહુલે મુંબઈ ભુલેશ્વર સ્થિત આંગડિયા મારફતે ગાંધીનગરના સેક્ટર-3/એ સ્થિત ડી.કે. આંગડિયા પેઢીની ઓફિસમાં ચાલતી 'શ્રી રાધે આંગડિયા પેઢી'નું સરનામું આપ્યું હતું. ઘનશ્યામસિંહ તેમના મિત્રો અપૂર્વ પટેલ અને અનિલભાઈ સાથે ગાંધીનગર પહોંચ્યા હતા.

# સોમનાથ મહાદેવના ભક્તો માટે આનંદના સમાચાર : દાદાના પ્રસાદ માટે તૈયાર કરાયું વિશેષ ઈકો-ફ્રેન્ડલી પેકેજિંગ

NID અને GPCB ના સંયુક્ત સાહસથી પ્રસાદ રહેશે લાંબા સમય સુધી તાજો અને સુરક્ષિત: પ્લાસ્ટિક મુક્ત અભિયાનને મળશે નવું બળ

ગાંધીનગર

પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવના દર્શનાર્થે દેશ-વિદેશમાંથી આવતા લાખો ભક્તો માટે એક અતિ આહલાદક અને આનંદના સમાચાર સામે આવ્યા છે. સોમનાથ દાદાના પવિત્ર પ્રસાદને લાંબા સમય સુધી શુદ્ધ, તાજો અને સંપૂર્ણ સુરક્ષિત રાખવા માટે એક વિશેષ પર્યાવરણાનુકૂળ (Eco-Friendly) પેકેજિંગ તૈયાર કરવામાં આવ્યું છે. આ નવતર પહેલના કારણે સોમનાથ મંદિર પરિસરમાં પ્લાસ્ટિક મુક્ત અને પર્યાવરણપ્રેમી વ્યવસ્થા વધુ મજબૂત બનશે. આ નવીન પેકેજિંગની આકર્ષક ડિઝાઈન નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ના સંયુક્ત પ્રયાસોથી તૈયાર કરવામાં



આવી છે. સોમનાથ મહાદેવના પ્રસાદની પવિત્રતા, ગુણવત્તા અને ભવ્યતા જળવાઈ રહે તે બાબતને પ્રાથમિકતા આપીને નિષ્ણાતોની ટીમ દ્વારા આ બોક્સનું નિર્માણ કરાયું છે. નવા પેકેજિંગ બોક્સ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા ફૂડ-ગ્રેડ કાર્ડબોર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેને એક અત્યંત આકર્ષક ષટ્કોણ (Hexagonal) આકાર આપવામાં આવ્યો છે. આ ટેકનિકલ ડિઝાઈનની ખાસિયત એ છે કે તે હવા અને ભેજ સામે સંપૂર્ણ રક્ષણ પૂરું પાડે છે. આ હવાચુસ્ત વ્યવસ્થાના કારણે પ્રસાદ બગડ્યા વગર લાંબા સમય સુધી તેની તાજગી અને સ્વાદ જાળવી રાખશે. પર્યાવરણની સુરક્ષા તરફ એક મહત્વનું કદમ ઉઠાવતા, આ સંપૂર્ણપણે પ્લાસ્ટિક-ફ્રી બોક્સ સોમનાથ ધામમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકનું પ્રદૂષણ ઘટાડવામાં મોટો ભાગ ભજવશે. આ ઉપરાંત, આ બોક્સની ડિઝાઈન એટલી ભવ્ય અને મજબૂત રાખવામાં આવી છે કે પ્રસાદનો ઉપયોગ કર્યા બાદ ભક્તો તેને ફેંકી દેવાના બદલે પોતાની સોમનાથ યાત્રાના એક પવિત્ર સ્મૃતિ ચિહ્ન (Souvenir) તરીકે ઘરમાં સાચવીને રાખી શકશે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સામે જનતાના તીખા સવાલો

# ચોરવાડના મેળામાં લાખો રૂપિયાનો દારૂ રેલાયો: કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે દારૂ ઘૂસ્યો ક્યાંથી?

સુરત

ગિર સોમનાથ જિલ્લાના ચોરવાડ ખાતે યોજાયેલા પ્રખ્યાત ઝૂણ ભવાનીના લોકમેળામાં લાખો રૂપિયાનો દારૂ પીવાયો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતાં સમગ્ર રાજ્યમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતા પવિત્ર મેળામાં ખુલ્લેઆમ દારૂની રેલમછેલ થતાં જ વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસનની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

મેળામાં હજારો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સુરક્ષા માટે ખાખી વર્દીનો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. તો પછી આટલી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મેળાના પરિસરમાં ઘૂસ્યો ક્યાંથી? શું પ્રવેશદ્વારો પર માત્ર નામ માત્રનું જ ચેકિંગ ચાલી રહ્યું હતું કે પછી



સ્થાનિક પોલીસના મેળાપીપણામાં આ મોટો ખેલ પાર પાડવામાં આવ્યો? આ સવાલો આજે દરેક નાગરિકના મુખે ચર્ચાઈ રહ્યા છે.

ગુજરાતમાં એક તરફ દારૂબંધીના કડક અમલના દાવા કરવામાં આવે છે, ત્યારે ચોરવાડના મેળામાં સર્જાયેલી આ ઘટનાએ રાજ્યના ગૃહ વિભાગની પોલ ખોલી નાખી છે. સોશિયલ મીડિયાથી લઈને જાહેર ચર્ચાઓમાં હવે સીધો સવાલ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સામે કરવામાં આવી રહ્યો છે.

પવિત્ર લોકમેળાને દારૂની મહેફિલમાં ફેરવી નાખનારાઓ સામે શું કાર્યવાહી થશે?

પોલીસની નાક નીચે લાખો રૂપિયાનો દારૂ વેચાયો અને પીવાયો, તો તેમાં બેદરકાર અધિકારીઓમાંથી કોણ સસ્પેન્ડ થશે? શું આટલી મોટી ઘટના બાદ પણ માત્ર કાગળ પરની તપાસ કરીને મામલો રફેદફે કરી દેવાશે? ગાંધીના ગુજરાતમાં ધાર્મિક મેળાઓમાં દારૂની આવી ખુલ્લેઆમ છૂટ જોઈને શ્રદ્ધાળુઓ અને સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો માંગ કરી રહ્યા છે કે આ સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસ કમિટી નીમીને મેળાની સુરક્ષામાં તૈનાત જવાબદાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે તાત્કાલિક ધોરણે કડકમાં કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે.

# ડભોઇના ટીબી ફાટક પાસે દીપડો દેખાતાં ભારે ફફડાટ: વાયરલ ફોટાથી ખળભળાટ, ખેડૂતો અને સ્થાનિકોમાં દહેશતનો માહોલ

ડભોઇ

ડભોઇ શહેરના ટીબી ફાટક નજીક આવેલા રેલવે વિકાસ નિગમના રેલવે લોકો શેડ ગેટ પાસે રાત્રિના અંધકારમાં દીપડો નજરે પડ્યો હોવાનો દાવો સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે સસપેન્સ અને ફફડાટ વ્યાપી ગયો છે. દીપડાની હાજરી દર્શાવતો એક ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ સ્થાનિકો, ખેડૂતો અને વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

સામાન્ય રીતે રાત્રિના સમયે આસપાસના શેરડીના ખેતરોમાં કામ કરવા જતાં ખેડૂતો અને ખેતમજૂરોમાં આ ઘટના બાદ ભારે દહેશત જોવા મળી રહી છે. રાત્રિના અંધારામાં જંગલી પ્રાણીઓની અવરજવર અંગેના આ સમાચારથી ખેતરો તરફ જતાં લોકો માટે ચિંતાનો મોટો



વિષય ઊભો થયો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ ફોટાની સત્યતા પર હાલ ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. વાયરલ ફોટો ખરેખર ડભોઇ ટીબી ફાટક વિસ્તારનો જ છે કે કેમ અને શું ખરેખર તે વિસ્તારમાં દીપડાની સક્રિય હાજરી છે, તેની સત્તાવાર પુષ્ટિ વન વિભાગ દ્વારા થાય તે અત્યંત જરૂરી બન્યું છે.

સ્થાનિક નાગરિકો અને ખેડૂતોએ વન વિભાગ સમક્ષ માંગ કરી છે કે: વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ઝીણવટભરી તપાસ હાથ ધરે.

ગરીબોના હક પર રાજકીય નેતાઓનો ડાકો

# રાજકોટના ડે. મેયર દર્શાબેન વસાણી સામે બોગસ દસ્તાવેજે સરકારી આવાસ પચાવી પાડવાનો પર્દાફાશ!

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા (RMC) માં સત્તાના નશામાં ચૂર શાસકોની વધુ એક શરમજનક અને નગ્ન વાસ્તવિકતા સામે આવી છે. રાજકોટના ડેપ્યુટી મેયર દર્શાબેન વસાણી દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારના અત્યંત ગરીબ અને નિરાધાર પરિવારો માટે ફાળવવામાં આવતું સરકારી આવાસ ખોટા અને બોગસ દસ્તાવેજોના આધારે મેળવી લેવામાં આવ્યું હોવાનો સણસણતો ખુલાસો થયો છે. ગરીબોના માથા પરની છત છીનવીને કરોડોપતિ નેતાઓએ પોતાના ઘર ભરવાની નીતિ અપનાવતા સમગ્ર રાજ્યમાં રાજકીય ખળભળાટ મચી ગયો છે.

ચૂંટણી વખતે રજૂ કરેલા સત્તાવાર સોગંદનામામાં કરોડો રૂપિયાની જંગમ અને સ્થાવર મિલકતો દર્શાવનારા ડેપ્યુટી મેયર દર્શાબેન વસાણીએ કઈ રીતે સ્લમ ક્લિયરન્સ અને ગરીબ આવાસ યોજના હેઠળ ફ્લેટ મેળવી લીધો? તે સૌથી મોટો સવાલ છે. જે યોજના માત્ર અને માત્ર ઝૂંપડપટ્ટીમાં રહેતા, રોજીરોટી માટે મથતા અત્યંત ગરીબ પરિવાર માટે હોય, તેના પર એક ઉચ્ચ રાજકીય પદાધિકારી પોતાનો હક જમાવે તે કાયદા અને નૈતિકતા બંનેના ધજાગરા ઉડાડવા સમાન છે.

આ કૌભાંડ માત્ર આવાસ મેળવવા પૂરતું સીમિત નથી રહ્યું. તપાસમાં અને સ્થાનિક ચર્ચાઓમાં સામે આવ્યું છે કે સરકારી આવાસ મેળવ્યા બાદ તેને અન્ય વ્યક્તિને ભાડે પણ આપી દેવામાં આવ્યું હતું અને તેમાંથી માસિક કમાણી કરવામાં આવી રહી હતી! ગરીબો માટે બનેલા ઘરનો ઉપયોગ પોતાની વધારાની કમાણીનું સાધન બનાવવાની આ માનસિકતાએ મહાનગરપાલિકાની પારદર્શિતા પર મોટો દાગ લગાવી દીધો છે.

આ પર્દાફાશ બાદ રાજકોટની પ્રજા અને વિરોધ પક્ષો દ્વારા સીધા અને તીખા સવાલો પૂછવામાં આવી રહ્યા છે.

ઝૂંપડપટ્ટીના ખરેખર હકદાર ગરીબ પરિવારો આજે પણ ખુલ્લામાં કે કાચા છાપરામાં રહેવા મજબૂર છે, ત્યારે આ અમીર નેતાઓને કયા નિયમ હેઠળ આવાસ ફાળવાયા?

શું મહાનગરપાલિકાના અધિકારીઓએ દસ્તાવેજોની ચકાસણી કર્યા વગર જ આંખ આડા કાન કરીને આ ફાળવણી કરી હતી?

ગરીબોના હક પર તરાપ મારનારા આવા પદાધિકારી સામે માત્ર કાગળ પરની તપાસ થશે કે પછી પદ પરથી બરતરફ કરીને કાયદેસરની ગુનાહિત કાર્યવાહી કરવામાં આવશે?

નેશનલ હાઇવે ઓથોરિટીની ઘોર બેદરકારી સામે વાહનચાલકોમાં ભારે આક્રોશ

# પીપલગ ઓવરબ્રિજ પર કાર પલટી: હાઇવે પર ભરાયેલા વરસાદી પાણીએ સર્જ્યો ગંભીર અકસ્માત

ગાંધીનગર

નેશનલ હાઈવે ૪૮ (NH-48) પર આવેલા પીપલગ ઓવરબ્રિજ પાસે એક ભયાનક અકસ્માત સર્જાયો છે. રોડ પર ભરાયેલા વરસાદી પાણીના કારણે કાર ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવતા કાર અચાનક પલટી મારી ગઈ હતી. સદ્નસીબે આ અકસ્માતમાં મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ હાઈવે પર ભરાતાં વરસાદી પાણીના કારણે સર્જાયેલા આ અકસ્માતને પગલે વાહનચાલકો અને




સ્થાનિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. સ્થાનિકો અને સતત અવરજવર કરતાં વાહનચાલકોના આક્ષેપ મુજબ, પીપલગ ઓવરબ્રિજ અને હાઈવેની સાઈડમાં સામાન્ય વરસાદમાં પણ મોટા પ્રમાણમાં પાણી ભરાઈ રહે છે. રસ્તા પર ભરાયેલા પાણીના કારણે સ્પીડમાં આવતાં વાહનો સ્લિપ થઈ જવા કે કાબૂ ગુમાવી દેવાના બનાવો અવારનવાર બને છે. આ અંગે અગાઉ પણ અનેક વખત ફરિયાદો કરવામાં આવી હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા પાણીના નિકાલ માટે કોઈ કાયમી કામગીરી કરવામાં આવી નથી. ટોલટેક્સ ઉઘરાવવામાં મસ્ત રહેતું હાઈવે પ્રશાસન વાહનચાલકોની સુરક્ષા પ્રત્યે કેટલું ઉદાસીન છે તે આ અકસ્માતે ફરી એકવાર સાબિત કરી દીધું છે. જો સમયસર વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આ સ્થળ કોઈ મોટા અકસ્માતનું કારણ બની શકે છે. વાહનચાલકોની માંગ છે કે NHAI અને સંબંધિત તંત્ર તાત્કાલિક ધોરણે પીપલગ ઓવરબ્રિજ આસપાસના વિસ્તારમાં ભરાતા પાણીના નિકાલ માટે યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થા ઊભી કરે અને ભવિષ્યમાં આવા અકસ્માતો અટકાવવા માટે નક્કર પગલાં લે.

# કલેક્ટરનું જાહેરનામું:મહાનગરપાલિકા ચૂંટણી પ્રચાર સામગ્રી અંગે મુદ્રકો અને પ્રકાશકોએ નિયમોનું કડક પાલન કરવા આદેશ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. આગામી 11 ઓક્ટોબરના રોજ યોજાનાર મતદાન અને 13 ઓક્ટોબરના રોજ થનારી મતગણતરીની પ્રક્રિયાને પારદર્શી બનાવવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા




મેજિસ્ટ્રેટ રવિન્દ્ર ખતાલે દ્વારા જાહેરનામું બહાર પાડી ચૂંટણી પ્રચાર માટે છપાતા ચોપાનિયાં, ભીંતપત્રો તથા અન્ય પ્રચાર સામગ્રી માટે મુદ્રકો અને પ્રકાશકોએ નિયમોનું કડક પાલન કરવા આદેશ આપવામાં આવ્યો છે.

આ જાહેરનામા મુજબ ચૂંટણી પ્રચાર માટે મુદ્રિત કરાતી દરેક સામગ્રી પર મુદ્રક અને પ્રકાશકના પૂરા નામ અને સરનામા સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે. આ ઉપરાંત કોઈ પણ પ્રકારની સામગ્રી છાપતા પહેલાં મુદ્રકે પ્રકાશક પાસેથી નિયત નમૂના 'જોડાણ-ક' મુજબનું એકરારપત્ર બે નકલમાં મેળવવાનું રહેશે. આ એકરારપત્રમાં પ્રકાશકની સાથે તેને અંગત રીતે ઓળખતી બે વ્યક્તિઓની સહીઓ હોવી ફરજિયાત બનાવાઈ છે. તદુપરાંત પ્રિન્ટિંગ કાર્ય પૂરું થયાના ત્રણ દિવસની અંદર મુદ્રકે ભરેલા એકરારપત્રની નકલ અને તૈયાર થયેલી સામગ્રીની ચાર નકલો કલેક્ટર કચેરીની ચૂંટણી શાખામાં જમા કરાવવાની રહેશે. ચૂંટણી ખર્ચ પર નજર રાખવાના હેતુથી છાપેલી નકલોની કુલ સંખ્યા અને તેના ખર્ચની વિગતો દર્શાવતું પત્રક 'જોડાણ-ખ' દરેક દસ્તાવેજ માટે અલગથી ચાર નકલોમાં રજૂ કરવાનું રહેશે. જિલ્લા તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, આ આદેશો કે રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓનો અનાદર કરનાર મુદ્રક કે પ્રકાશક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નિયમભંગ બદલ છ માસ સુધીની કેદ, બે હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને પ્રકારની સજા થઈ શકે છે. આ હુકમ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

## તંત્રી લેખ...

# ભારતમાં ટેક્સ કે પછી પ્રજા પર સજા? ટેક્સ ભર્યા પછી પણ નાગરિકને શું મળે છે: સેવા કે સજા?

પ્રજાના પરસેવાના નાણાંથી ચાલતી સરકારો ભેટ-સોગાદોના નામે કરે છે મશ્કરી: કરોડપતિ નેતાઓના કાફલા માટે લાલ જાજમ અને સાધારણ નાગરિક માટે ખાડારાજ!

ગાંધીના ગુજરાતમાં અને સમગ્ર દેશમાં આજે સામાન્ય નાગરિકના મનમાં એક જ તીખો અને સણસણતો સવાલ ઘૂમરાઈ રહ્યો છે: 'અમે દર મહિને ટેક્સ ભરીએ છીએ તે દેશના વિકાસ માટે છે કે પછી શાસકોની જાહોજલાલી માટે?' પ્રજા પોતાની કમાણીમાંથી પ્રામાણિકપણે ઈન્કમ ટેક્સ, જીએસટી (GST), પ્રોપર્ટી ટેક્સ અને ટોલ ટેક્સ ચૂકવે છે. પરંતુ ટેક્સ ભર્યા બાદ પણ નાગરિકને મળતી પાયાની સુવિધાઓ શૂન્ય સમાન છે. ટેક્સ વસૂલવાની વાત આવે ત્યારે વહીવટી તંત્ર વાઘ જેવું બને છે, પણ જ્યારે ગુણવત્તાયુક્ત સેવા આપવાનો સમય આવે ત્યારે મૌન સેવી લે છે.

## ગરીબ અને મધ્યમ વર્ગની દયનીય વાસ્તવિકતા:

શિક્ષણમાં ભય: પ્રામાણિકપણે ટેક્સ ભર્યા પછી પણ આપણું બાળક સરકારી શાળામાં ભણવા જાય તો માતા-પિતાને




તેના ભવિષ્ય અને સુરક્ષાની ચિંતા થાય છે.

આરોગ્યમાં અવિશ્વાસ: વ્યક્તિ મરવા જેવી સ્થિતિમાં હોય તોપણ સરકારી હોસ્પિટલના ધાંધિયા અને બેદરકારી જોઈને ખાનગી હોસ્પિટલમાં દેવું કરીને પણ જવાનું પસંદ કરે છે.

સરકારી કચેરીનો ત્રાસ: સરકારી ઓફિસમાં નાનું સરખું કામ હોય તો 'આજે જવું કે કાલે?' એ વિચારવામાં ૧૦૦ વખત વિચાર કરવો પડે છે.

જીવના જોખમે મુસાફરી: નેતાઓના કાફલા નીકળે ત્યારે રસ્તાઓ પરથી ઢોર, કૂતરા કે ખાડા ગાયબ થઈ જાય છે. પરંતુ સામાન્ય માણસ પોતાના ઘરે સહીસલામત પહોંચશે કે નહીં તેની કોઈ ગેરંટી નથી!

## ટેક્સ, ટોલ અને ટ્રાફિક: શોષણનું ત્રિરાશિ:

નવી ગાડી ખરીદો ત્યારે રોડ ટેક્સ ભરો, એમાં પેટ્રોલ-ડીઝલ પુરાવો ત્યારે મસમોટો ટેક્સ ભરો, અને એ જ ગાડી લઈને રસ્તા પર નીકળો ત્યારે દર થોડા કિલોમીટરે ખિસ્સું ખાલી કરીને ટોલ ટેક્સ ભરો! આટલા ટેક્સ ચૂકવ્યા પછી પણ સામાન્ય નાગરિકને મળે છે શું? તૂટેલા રસ્તા, કલાકોનો ટ્રાફિક જામ, બિસ્માર ઓવરબ્રિજ અને જીવલેણ ખાડા!

બીજી તરફ, જ્યારે કોઈ નેતા કે મંત્રીનો કાફલો આવે છે, ત્યારે સાયરનો વાગે છે, ટ્રાફિક રોકી દેવાય છે અને કાફલો સડસડાટ નીકળી જાય છે. રસ્તા પર કલાકો સુધી તડકામાં ઊભો રહેતો સામાન્ય માણસ માત્ર તમાશો જોતો રહી જાય છે.

## ભેટ કે ભીખ નહીં, આ પ્રજાના પોતાના પસીનાની કમાણી છે!

સૌથી મોટો આક્રોશ તો ત્યારે વ્યાપે છે જ્યારે કરોડોના ખર્ચે બનેલા રસ્તા, બ્રિજ કે હોસ્પિટલનું ઉદ્ઘાટન કરવા આવતા નેતાઓ એવું ભાષણ આપે છે જાણે પ્રજાને 'ભેટ' આપી રહ્યા હોય! નેતાઓ કોઈ પોતાના મામાના ઘરેથી કે પોતાની અંગત મિલકતમાંથી આ આયોજનો નથી કરતા. આ દેશના કરોડો નાગરિકોના લોહી-પસીનાના ટેક્સના નાણાં છે. પ્રજા કોઈ ભીખ કે ભેટ નથી માંગતી, પરંતુ પોતાના હકના પૈસા સામે ગુણવત્તાયુક્ત જાહેર સેવા માંગે છે.

જ્યારે નોકરી જાય કે નિવૃત્તિ આવે ત્યારે સામાજિક સુરક્ષાના નામે શૂન્ય મળે છે. મહાનગરપાલિકાનો કોર્પોરેશન વેરો ભર્યા પછી પણ પીવાનું ચોખ્ખું પાણી કે ગટરની સુવિધા માટે વિનંતીઓ કરવી પડે છે. નાગરિકને તેની ફરજ યાદ અપાવવી ખૂબ સરળ છે કે 'ટેક્સ ભરો!', પરંતુ આજે દરેક ભારતવાસીનો એક જ સીધો સવાલ છે:

'ટેક્સ પણ ભર્યો છે સાહેબ... ટોલ પણ ભર્યો છે... હવે એની સામે ગુણવત્તાયુક્ત સેવા ક્યાં છે?'

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સંબંધોમાં રોમાંચ કરતાં મનની શાંતિ વધુ કિંમતી

જિંદગીની શરૂઆતની વયમાં આપણને સંબંધોમાં તણખા, ઊંચા આવેગો, નાટકીયતા અને અવિરત રોમાંચ આકર્ષક લાગે છે. પરંતુ જેમ જેમ અનુભવોની સરાણ પર જીવન ઘસાય છે, તેમ તેમ સમજાય છે કે ક્ષણિક આભાસી ઉજાસ કરતાં અંધારામાં સતત સળગતો એક નાનકડો દીવો કેટલો મૂલ્યવાન છે. આજના ગતિશીલ અને દેખાડાથી ભરેલા યુગમાં સંબંધોની સૌથી મોટી કસોટી એ નથી કે તમે સાથે કેટલી રોમાંચક પળો વિતાવી, પણ એ છે કે સાથે હોવ ત્યારે અંદર કેટલી નીરવ શાંતિ અનુભવાય છે.



સંબંધમાં જ્યારે સતત પોતાને સાબિત કરવાની મથામણ કરવી પડે, ત્યારે તે સંબંધ ઊર્જા આપવાને બદલે ચુસી લે છે. તે હકીકતમાં આત્માનો મુક્ત શ્વાસ છે.

જે સંબંધમાં શબ્દોની ચોકીદારી કરવી પડે તે કેદખાનું છે; સાચો સંગાથ તો એ છે જ્યાં મૌન પણ સલામત અનુભવાય.

'પરફેક્ટ' બનવાનો ભાર અને શબ્દોની ચોકીદારી

આજના સમયમાં મોટાભાગના લોકો સંબંધોમાં કાચાં ઈંડાંની છાલ પર ચાલવા જેવી સ્થિતિમાં જીવે છે. જરાક ઊંચા અવાજે બોલાઈ ગયું, કોઈ સાચો વિચાર વ્યક્ત થઈ ગયો, કે તરત સામે છેડેથી ગેરસમજનું વંટોળ ઊભું થવાનો ભય રહે છે. જ્યારે વ્યક્તિને પોતાનો જ સંબંધ ટકાવવા માટે શબ્દો તોલી-તોલીને બોલવા પડે, પોતાના અસલ સ્વભાવને સંકોચીને સામેવાળાની પસંદગીના ઢાંચામાં ઢળવું પડે, ત્યારે તે સંબંધ સાથીદારનો નહીં પણ અદ્રશ્ય ન્યાયાધીશનો બની જાય છે.

જ્યાં લાગણીઓની અભિવ્યક્તિ કરવા માટે પણ પૂર્વભૂમિકા બાંધવી પડે કે 'ક્યાંક એ ખોટું તો નહીં માની લે ને?', ત્યાં પ્રેમ હોઈ શકે છે, પરંતુ ત્યાં શાંતિ નથી હોતી. અને જે સંબંધમાં માનસિક શાંતિ ન હોય, ત્યાં આયુષ્ય લાંબું હોવા છતાં સંબંધ અંદરથી ખોખલો થઈ જાય છે.

સમુદ્રમાં આવતી તોફાની ભરતી અને ઊંચાં મોજાં જોવામાં રોમાંચક લાગે છે. એ ક્ષણભર માટે આંખોને આંજી દે છે, લોહીમાં ઉત્તેજના ભરી દે છે. પરંતુ કોઈ વહાણ ક્યારેય તોફાની મોજાં વચ્ચે લંગર નાખીને લાંબો સમય ટકી શકતું નથી; વહાણને સુરક્ષિત રહેવા અને વિશ્રામ કરવા માટે તો શાંત ખાડી કે કુદરતી બંદરગાહ જ જોઈએ.

સંબંધોનું પણ આવું જ છે. જીવનની બહારની દુનિયા નોકરી, ધંધો, સામાજિક જવાબદારીઓ અને સ્પર્ધા એ તોફાની દરિયા જેવી છે, જ્યાં રોજ લડવાનું છે, રોજ બચાવ કરવાનો છે. આવા સંઘર્ષ પછી સાંજ પડ્યે માણસ જ્યારે પોતાના અંગત સંબંધ પાસે આવે, ત્યારે તેને ત્યાં કોઈ નવો રોમાંચ કે બીજી અપેક્ષાઓની લડાઈ નથી જોઈતી હોતી. તેને માત્ર એક એવો 'શાંત કિનારો' જોઈએ છે જ્યાં તે પોતાનો થાક ઉતારી શકે, જ્યાં તેના અસ્તવ્યસ્ત વિચારોને પણ કોઈ ટીકા વગર સાંભળવામાં આવે.

જો તમારા પોતાના ઘરમાં કે સૌથી નજીકના સંબંધમાં પણ તમારે હથિયારો સજાવીને જ રહેવું પડતું હોય, તો બહારના યુદ્ધ કરતાં અંદરની આ અશાંતિ માણસને વહેલો ભાંગી નાખે છે. 'રોમાંચ આંખોને આંજી શકે છે, પણ મનના ઘાવ રુઝવવા માટે તો માત્ર સ્વીકાર અને શાંતિની જ જરૂર પડે છે.'

એક ઉંમર અને પરિપક્વતા પછી વ્યક્તિને સમજાય છે કે મોંઘી ભેટ-સોગાદો, ફરવા જવાની ઉત્તેજના કે સતત વખાણ કરતા રહેવું એ સંબંધનો પાયો નથી. સંબંધની સાચી કિંમત એ ક્ષણોમાં છે જ્યાં ખોટા પડવાનો ડર ન હોય તમે કોઈ નિર્ણયમાં થાપ ખાઈ ગયા હોવ છતાં સામેવાળો ટોણો મારવાને બદલે ખભે હાથ મૂકીને ઊભો રહે. સ્પષ્ટતાઓની જરૂર ન પડે જ્યાં સામેની વ્યક્તિ તમારી ભૂલ પાછળના ઈરાદાને પારખી લે અને સંબંધ અહંકારની અદાલત ન બને.

દુનિયા સામે ભલે તમે ગમે તેટલા મજબૂત કે હોંશિયાર હોવ, પણ એ વ્યક્તિ સામે તમે તમારી નબળાઈ, આંસુ કે અસહાયતા કોઈપણ ક્ષોભ વિના મૂકી શકો.

જો તમારા જીવનમાં કોઈ એવી વ્યક્તિ છે જેની સાથે બેસીને તમે માત્ર ચૂપ રહો તોય કોઈ અકળામણ ન થાય, અને જેની હાજરી તમારા મગજના ભારને હળવો કરી દેતી હોય, તો માની લેજો કે તમે આ પૃથ્વી પરના સૌથી અમીર માણસ છો. રોમાંચ તો સમય જતાં ઝાંખો પડી જાય છે, પણ એકબીજાને આપેલી 'માનસિક શાંતિ' જિંદગીના આખરી પડાવ સુધી સાથ નિભાવે છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# સાદગીમાં સૌમ્યતા અને સેવાભાવમાં સમૃદ્ધિનું નામ : શ્રી ભરતભાઈ ખીમજીભાઈ કાવત્રા

માણસનું સાચું વ્યક્તિત્વ તેની સંપત્તિ કે હોદ્દાથી નહીં, પરંતુ તેની સાદગી, સંવેદનશીલતા, સેવાભાવ અને સમાજ પ્રત્યેની જવાબદારીથી ઓળખાય છે. ભચાઉના જાહેર જીવનમાં આવું વિરલ અને સૌમ્ય વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ તરીકે શ્રી ભરતભાઈ ખીમજીભાઈ કાવત્રાનું નામ આદરપૂર્વક લઈ શકાય.

શ્રી ભરતભાઈ ખીમજીભાઈ કાવત્રા શ્રી વાણી વિનાયક આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભચાઉ, શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ભચાઉ તથા શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરસ્વતી વિદ્યાલય, ભચાઉના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે શિક્ષણક્ષેત્ર સાથે સતત જોડાયેલા છે.

તેમનું વ્યક્તિત્વ સાદગી, સૌમ્યતા અને નિર્મળતાનું સુંદર સંયોજન



છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાની તેમની ભાવના તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ પ્રત્યેનો તેમનો લગાવ નોંધપાત્ર છે.

"જે હાથ કોઈને ઊંચા ઉઠવા માટે સહારો આપે,
એ હાથની ઉદારતા સમય કરતાં પણ લાંબી જીવે."

ભચાઉના પ્રતિષ્ઠિત નાગરિક તેમજ પટેલ સમાજના આગેવાન તરીકે પણ તેઓ સમાજજીવનમાં સક્રિય ભૂમિકા ભજવે છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર તરીકે પણ તેઓ વિવિધ સામાજિક અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.

વિદ્યાર્થીઓ પ્રત્યેનો તેમનો પ્રેમ અને પ્રોત્સાહન વિશેષ નોંધપાત્ર છે. તાજેતરમાં 15 ઓગસ્ટ, સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ, ભચાઉ ખાતે યોજાયેલી દેશભક્તિપૂર્ણ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે તેમણે એક લાખ રૂપિયાથી વધુની રકમની પ્રોત્સાહક સહાય આપી હતી. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના, પ્રતિભા અને આત્મવિશ્વાસને પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો ખરેખર આવકારદાયક છે.

તેમનો સેવાભાવ માત્ર શિક્ષણ સંસ્થાઓ પૂરતો સીમિત નથી. ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં પણ તેઓ યથાશક્તિ સહયોગ આપતા રહે છે. વિવિધ ધાર્મિક મંદિરોમાં યોજાતા પ્રસંગોમાં મહાપ્રસાદના દાતા તરીકે સેવા આપવાની તેમની ભાવના તેમની દાનવીર અને સેવાભાવી પ્રકૃતિને ઉજાગર કરે છે.

"દાનથી ધન ઘટતું નથી, સંવેદના વધે છે; સેવા ક્યારેય નાની નથી, તે જીવનને મોટી બનાવે છે." આજના સમયમાં વ્યક્તિની સફળતાને ઘણીવાર સંપત્તિ અને પ્રતિષ્ઠાના માપદંડથી જોવામાં આવે છે, ત્યારે પોતાની સામાજિક જવાબદારીને સમજીને શિક્ષણ, વિદ્યાર્થીઓ અને સમાજ માટે યથાશક્તિ યોગદાન આપતા લોકો પ્રેરણારૂપ બને છે. શ્રી ભરતભાઈ ખીમજીભાઈ કાવત્રાનું વ્યક્તિત્વ પણ આ જ ભાવનાને ઉજાગર કરે છે. તેમની વિશેષતા એ છે કે સાદગી સાથે સંચાલન, સૌમ્યતા સાથે સંબંધો, દાન સાથે નિઃસ્વાર્થતા અને શિક્ષણ સાથે સંવેદનશીલતા–આ તમામ ગુણોનું સુંદર સંયોજન તેમના વ્યક્તિત્વમાં જોવા મળે છે. સમાજને આગળ વધારવા માટે માત્ર વિચારો નહીં, પરંતુ સકારાત્મક કાર્ય, સહયોગ અને સેવાભાવથી જોડાયેલા વ્યક્તિત્વોની જરૂર હોય છે. ભરતભાઈ ખીમજીભાઈ કાવત્રા જેવા સેવાભાવી લોકો શિક્ષણ અને સમાજજીવનમાં પ્રોત્સાહનનું વાતાવરણ ઊભું કરવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે–એ નિઃસંદેહ પ્રશંસનીય બાબત છે.

**- રૂપેશ સોલંકી**

# એક તરફ ગરીબી અને મોંઘવારીનો માર, તો બીજી તરફ કરોડોના તેલનું પ્રદર્શન

એક ટીપું તેલ મેળવવા મથતા સામાન્ય નાગરિકો વચ્ચે કરોડો રૂપિયાના દિવા સળગાવી કરાતી ઉજવણી: શું આ પ્રજાના ટેક્સના પૈસાનો દુરુપયોગ નથી? જે દેશનો સામાન્ય નાગરિક આજે મોંઘવારીના અસહ્ય બોજ હેઠળ દબાયેલો છે, જ્યાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો ખાવાના તેલનું એક-એક ટીપું બચાવીને પોતાના ઘરનું રસોડું ચલાવવા માટે મજબૂર બન્યા છે, તે



જ દેશમાં શાસકો દ્વારા પોતાના આડંબર અને દેખાડા પાછળ કરોડો રૂપિયાનું તેલ દિવાઓમાં હોમી દેવામાં આવે છે. શાસકોના આ ભવ્ય અને બડાશભર્યા કાર્યક્રમો સામે હવે દેશના અનેક ભાગોમાંથી ઉગ્ર વિરોધ અને આક્રોશના સૂર ઉઠી રહ્યા છે. ગરીબોની થાળી ખાલી, અને રાજકીય ઉત્સવોમાં અબજોનું આંધણ દિવાળી કે અન્ય વિશિષ્ટ પ્રસંગોએ તેમજ નેતાઓના જન્મદિવસ કે સરકારી મહોત્સવોના નામે અબજો રૂપિયાના ખર્ચે લાખો-કરોડો દિવડાઓ પ્રગટાવીને રેકોર્ડ બનાવવાની હોડ જામી છે. પરંતુ આ પ્રદર્શનની પાછળની કડવી વાસ્તવિકતા એ છે કે આજે દેશનો મોટો વર્ગ કુપોષણ, ગરીબી અને બેરોજગારી સામે ઝૂઝી રહ્યો છે. એક બાજુ દેશનો ગરીબ નાગરિક રેશનિંગની દુકાનો કે બજારમાં મોંઘા ભાવનું સરસવ કે ખાદ્ય તેલ ખરીદવા માટે પોતાના પેટ પર પાટો બાંધે છે. તો બીજી બાજુ, પ્રજાના ટેક્સના નાણાંમાંથી ખરીદાયેલું કરોડો લિટર તેલ માત્ર થોડી ક્ષણોના ફોટો-સેશન અને વાહવાહી મેળવવા માટે જમીન પર સળગાવી દેવામાં આવે છે. આત્મમુગ્ધતા કે પ્રજાની મશ્કરી? નાગરિકો અને સજાગ વિચારકો હવે ખુલ્લેઆમ સવાલો ઉઠાવી રહ્યા છે કે, જે દેશમાં લાખો બાળકોને પૌષ્ટિક આહાર નથી મળતો, જ્યાં રાત્રે હજારો લોકો ભૂખ્યા પેટે ઊંઘવા મજબૂર છે, ત્યાં આવા ભવ્ય અને લક્ઝુરિયસ આયોજનો કોના માટે? લોકશાહીમાં રાજા કે શાસકની પ્રાથમિક ફરજ પ્રજાના કલ્યાણની હોવી જોઈએ, નહીં કે પોતાના વ્યક્તિગત આડંબર અને લોકપ્રિયતા માટે રાજ્યના ખજાનાનો ધુમાડો કરવાની. આવા દેખાડાઓને સ્થાનિક જનતા અને વિરોધ પક્ષો દ્વારા 'આત્મમુગ્ધ સરમુખત્યારશાહી'નું ઉત્તમ ઉદાહરણ ગણાવવામાં આવી રહ્યું છે. જો પ્રજાના ટેક્સના આ પૈસાનો ઉપયોગ શિક્ષણ, આરોગ્ય અને ગરીબ કલ્યાણની યોજનાઓમાં કરવામાં આવ્યો હોત, તો દેશના લાખો ગરીબ પરિવારોનું જીવન ધોરણ સુધરી શક્યું હોત. પરંતુ લોકકલ્યાણને બાજુ પર મૂકીને માત્ર 'રેકોર્ડ' બનાવવાની આ દોડમાં દેશનો સામાન્ય નાગરિક આજે પણ પોતાની પાયાની જરૂરિયાતો માટે ઝંખી રહ્યો છે.

# મોદી સરકારના શાસનકાળનું વિગતવાર વિશ્લેષણ: સત્તા, દાવાઓ અને જમીની વાસ્તવિકતા વચ્ચેનો વિરોધાભાસ

ભારતમાં વર્ષ ૨૦૧૪ થી શરૂ થયેલા નરેન્દ્ર મોદી શાસનકાળ દરમિયાન દેશમાં રાષ્ટ્રીય સુરક્ષા, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છાપ, ડિજિટલ રિવોલ્યુશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં મસમોટા દાવાઓ કરવામાં આવ્યા છે. પરંતુ આ જ શાસનકાળ દરમિયાન દેશના ઈતિહાસના કેટલાક સૌથી મોટા આંદોલનો, નીતિગત નિર્ણયોથી થયેલી પાયમાલી, બેરોજગારી અને સામાજિક અસંતોષની ભયાનક ઘટનાઓ પણ નોંધાઈ છે.

જનતાના ટેક્સના પૈસા, યુવાનોનું ભવિષ્ય અને ગરીબ-મધ્યમ વર્ગના અસ્તિત્વ સામે ઊભા થયેલા આ તીખા મુદ્દાઓનું વિગતવાર ચિત્ર નીચે મુજબ છે:

1. જનઆક્રોશ અને ઐતિહાસિક આંદોલનો: લોકશાહીના ઈતિહાસનું મોટું વિરોધ પ્રદર્શન

ઐતિહાસિક ખેડૂત આંદોલન (૨૦૨૦-૨૦૨૧):

સરકારે લાવેલા ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ સહિત દેશભરના લાખો ખેડૂતોએ દિલ્હીની સરહદો (સિંઘુ, ટીકરી, ગાઝીપુર) પર ૧ વર્ષથી વધુ સમય સુધી વિરોધ પ્રદર્શન કર્યું. ટાઢ, તડકો, વરસાદ અને કડકડતી ઠંડી વચ્ચે ૭૦૦ થી વધુ ખેડૂતોના મોત થયા હોવાના આક્ષેપો થયા. આખરે ચૂંટણી નજીક આવતાં સરકારે આ ત્રણેય કાયદા પરત ખેંચવાની જાહેરાત કરવી પડી.

CAA-NRC અને શાહીન બાગ વિરોધ (૨૦૧૯-૨૦૨૦):

નાગરિકતા સંશોધન કાયદા (CAA) અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (NRC) ના મુદ્દે દેશભરમાં ભારે વિરોધ વંટોળ જાગ્યો. દિલ્હીના શાહીન બાગમાં મહિનાઓ સુધી મહિલાઓએ શાંતિપૂર્ણ ધરણાં કર્યાં. આ મુદ્દે દિલ્હીમાં ભયાનક રમખાણો પણ ફાટી નીકળ્યા, જેમાં પચાસથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા.

અગ્નિપથ યોજનાનો સશસ્ત્ર દળો માટે વિરોધ (૨૦૨૨):

સેનામાં કાયમી ભરતી બંધ કરીને માત્ર ૪ વર્ષ માટે 'અગ્નિવીર' બનાવવાની યોજના જાહેર થતાં જ બિહાર, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિતના રાજ્યોમાં યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા. ટ્રેનો સળગાવી દેવામાં આવી અને ભારે તોડફોડ થઈ. યુવાનોનો આક્ષેપ હતો કે ૪ વર્ષ પછી તેમની પાસે કોઈ સામાજિક કે આર્થિક સુરક્ષા રહેશે નહીં.

દિલ્હીના જંતર-મંતર પર મહિલા પહેલવાનોનું આંદોલન (૨૦૨૩):

દેશને ઓલિમ્પિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગોલ્ડ મેડલ અપાવનારી દીકરીઓ (સાક્ષી મલિક, વિનેશ ફોગાટ, બજરંગ પુનિયા) ને કુસ્તી સંઘના પૂર્વ અધ્યક્ષ અને ભાજપના સાંસદ સામે જાતીય સતામણીના આક્ષેપો સાથે મહીનાઓ સુધી રસ્તા પર બેસવું પડ્યું. દિલ્હી પોલીસે તેમની સાથે કરેલી બળજબરીના દ્રશ્યોએ સમગ્ર દેશને સ્તબ્ધ કરી દીધો હતો.

૨. મોટી નિષ્ફળતાઓ, કૌભાંડો અને કટોકટી

પેપર લીકની વણઝાર અને યુવાનો સાથે દગો:

દેશમાં ભરતી પરીક્ષાઓના પેપર લીક થવા એ રોજિંદી ઘટના બની ગઈ છે. NEET-UG કૌભાંડ, UGC-NET રદ થવું, ઉપરાંત ગુજરાતમાં જુનિયર ક્લાર્ક, તલાટી, હેડ ક્લાર્ક અને મધ્યપ્રદેશમાં વ્યાપમ તથા રાજસ્થાનમાં શિક્ષક ભરતીના પેપર લીક થવાથી કરોડો યુવાનોની વર્ષોની મહેનત અને મા-બાપના પૈસા પાણીમાં ગયા છે.

નોટબંધીની તારાજી (૮ નવેમ્બર, ૨૦૧૬):

રાતોરાત ૫૦૦ અને ૧૦૦૦ ની નોટો બંધ કરી દેવાના નિર્ણયથી કાળું નાણું કે નકલી નોટો નાબૂદ થવાનો દાવો કરાયો હતો. પરંતુ RBI ના રિપોર્ટ મુજબ ૯૯.૩% નોટો બેંકોમાં પાછી આવી ગઈ. બદલામાં લાઈનોમાં ઊભા રહીને ૧૦૦ થી વધુ લોકોના મોત થયા, નાના વેપારો ભાંગી પડ્યા અને કરોડો લોકો બેરોજગાર થઈ ગયા.

કોરોના લોકડાઉનમાં સ્થળાંતરિત મજૂરોની દુર્દશા (૨૦૨૦):

માત્ર ૪ કલાકની નોટિસ પર દેશવ્યાપી લોકડાઉન જાહેર કરાતાં લાખો ગરીબ મજૂરો રોજીરોટી વગર અટવાઈ ગયા. ટ્રેનો અને બસો બંધ હોવાથી ગર્ભવતી મહિલાઓ, બાળકો અને વૃદ્ધો હજારો કિલોમીટર પગપાળા ચાલીને વતન જવા મજબૂર બન્યા. રસ્તામાં અને રેલવે ટ્રેક પર ભૂખ-તરસ અને અકસ્માતોમાં સેંકડો મજૂરો મરી ગયા.

મણિપુર હિંસા અને વહીવટી લાચારી:

મણિપુર રાજ્યમાં મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે ફાટી નીકળેલી વંશીય હિંસામાં ૨૦૦ થી વધુ લોકો માર્યા ગયા, હજારો ઘરો સળગાવી દેવાયા અને મહિલાઓને વિવસ્ત્ર કરીને ઘુમાવવામાં આવી. આટલી ભયાનક સ્થિતિ છતાં કેન્દ્ર અને રાજ્ય સરકાર સ્થિતિ કાબૂમાં લેવામાં સદંતર નિષ્ફળ રહી.

ઈલેક્ટોરલ બોન્ડ કૌભાંડ:

રાજકીય પક્ષોને આપેલા ચંદાને ગુપ્ત રાખતી ઈલેક્ટોરલ બોન્ડ યોજનાને સુપ્રીમ કોર્ટે અસંવૈધાનિક ઠેરવીને રદ કરી. ડેટા જાહેર થતાં ખુલાસો થયો કે ED અને CBI ના દરોડા બાદ અનેક કંપનીઓએ શાસક પક્ષને કરોડો રૂપિયાનો ચંદો આપ્યો હતો, જેણે 'હપ્તા વસૂલી' ના આક્ષેપો ઊભા કર્યા.

બેંકિંગ ફ્રોડ અને ભાગેડુ ઉદ્યોગપતિઓ:

વિજય માલ્યા, નિરવ મોદી, મેહુલ ચોક્સી અને જતિન મહેતા જેવા અબજોપતિઓ દેશની સાર્વજનિક બેંકોને અબજો રૂપિયાનો ચૂનો લગાવીને આસાનીથી વિદેશ ભાગી ગયા, જ્યારે સામાન્ય માણસની લોન રિકવરી માટે બેંકો કડક વલણ અપનાવે છે.

૩. મોંઘવારી, ટેક્સ અને ઐતિહાસિક બેરોજગારી

LPG રસોઈ ગેસ સિલિન્ડર:

૨૦૧૪ પહેલાં આશરે ૪૦૦ - ૪૫૦ ની આસપાસ મળતો સિલિન્ડર વધીને ૮૦૦ થી ૧૧૦૦ થી પણ વધુ પહોંચ્યો.

# એર ઇન્ડિયા એક્સપ્રેસના 8 ક્રૂ સસ્પેન્ડ, જેમાં 4 પાઇલટ સામેલ

## 2 કલાકમાં આલ્કોહોલ ટેસ્ટ ન કરાવ્યો; દુબઈ-અમૃતસર ફ્લાઇટનો મામલો

નવી દિલ્હી

એર ઈન્ડિયા એક્સપ્રેસે દુબઈ-અમૃતસર ફ્લાઈટના 8 ક્રૂ સભ્યોને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કર્યા છે. તેમાં ચાર પાયલટનો સમાવેશ થાય છે. આ કાર્યવાહી ફરજિયાત પોસ્ટ-ફ્લાઈટ બ્રેથ એનાલાઈઝર (આલ્કોહોલ) ટેસ્ટમાં થયેલા વિલંબને કારણે કરવામાં આવી છે. આ મામલો 2 ઑગસ્ટની દુબઈ-અમૃતસર ફ્લાઈટનો છે. અમૃતસરના શ્રી ગુરુ રામ દાસ જી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડિંગ બાદ ક્રૂએ 2 કલાકની અંદર બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ કરાવવાનો હતો. રિપોર્ટ અનુસાર, ક્રૂ પહેલા




હોટેલ ગયો હતો અને બાદમાં એરપોર્ટ પરત ફરીને 2 કલાક 35 મિનિટ બાદ ટેસ્ટ કરાવ્યો હતો. તમામ 8 સભ્યોનો ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો, એટલે કે તેમના શરીરમાં આલ્કોહોલ મળ્યો નહોતો. તેમ છતાં નિર્ધારિત સમયમર્યાદામાં ટેસ્ટ ન કરાવવાને નિયમોનું ઉલ્લંઘન માનવામાં આવ્યું. એરલાઈને આ મામલાની જાણકારી એવિએશન સેફ્ટી બોડી ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA)ને આપી અને તમામ 8 સભ્યોને ડ્યૂટી પરથી હટાવી દીધા.

આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે તાજેતરમાં એર ઈન્ડિયાના એક પાઈલટનો સાઈકોએક્ટિવ પદાર્થ માટેનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસના પાઈલટો માટે ડોપ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો. એર ઈન્ડિયા હવે પોતાના તમામ પાઈલટોની પ્રતિબંધિત પદાર્થો અને દવાઓ માટે વધારાની તપાસ પણ કરશે. આ સ્ક્રીનિંગ તાલીમ અને પોસ્ટ-ફ્લાઈટ તપાસ દરમિયાન કરવામાં આવશે. એર ઈન્ડિયા એક્સપ્રેસે પાઈલટો અને અન્ય કર્મચારીઓને સાઈકોએક્ટિવ પદાર્થોના ઉપયોગ અથવા તેના પરની નિર્ભરતાની માહિતી સ્વેચ્છાએ આપવા અપીલ કરી છે. એરલાઈન અનુસાર, આવી માહિતી ગુપ્ત રાખવામાં આવશે અને જરૂરિયાત મુજબ મેડિકલ, HR અને ફ્લાઈટ સેફ્ટી અધિકારીઓ સાથે શેર કરવામાં આવશે.




## 18,500 કરોડનું વાર્ષિક બજેટ પાણીમાં ગયું?

# અમદાવાદના શેલાને તંત્રએ બનાવી દીધું 'વેનિસ'!

### સ્થાનિક શાસકો અને અધિકારીઓની નઘરોળ બેદરકારી સામે જનતાનો ચંડાળ આક્રોશ: કરોડોનો ટેક્સ ચૂકવતા નાગરિકો માટે માત્ર બોગસ વચનો અને રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી?



અમદાવાદ

મેગા સિટી અને સ્માર્ટ સિટી અમદાવાદને 'પેરિસ' બનાવી દેવાના મોટા મોટા પૌરાણિક દાવાઓ કરતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની અસલી પોલ ચોમાસાના સામાન્ય વરસાદમાં જ ખુલ્લી પડી ગઈ છે. પશ્ચિમ અમદાવાદનો અત્યંત પોશ અને મોંઘો ગણાતો શેલા વિસ્તાર આજે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે આખેઆખો 'વેનિસ' શહેર જેવા તળાવમાં ફેરવાઈ ગયો છે. ચારેય તરફ ભરાયેલા કાદવ-કીચડ અને ઘૂંટણસમા પાણીના કારણે શેલાના રહીશો ઘરોમાં કેદ થવા મજબૂર બન્યા છે, ત્યારે શાસકો સામે સમગ્ર વિસ્તારમાં ભારે ઉકાળો જોવા મળી રહ્યો છે.

દર વર્ષે પ્રજાના ખિસ્સામાંથી અબજો રૂપિયાનો મિલકત વેરો અને ડેવલપમેન્ટ ટેક્સ વસૂલતી કોર્પોરેશન સામે હવે સીધા સવાલો ઊભા થઈ રહ્યા છે. શેલા અને આસપાસના વિસ્તારોમાં ડ્રેનેજ અને વરસાદી લાઈનો નાખવામાં થયેલા કરોડોના ભ્રષ્ટાચારને કારણે આજે આ નોબત આવી છે.

મેયર હિતેશ બારોટ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ: શું તમે ક્યારેય આ જળબંબાકારની સ્થિતિ વચ્ચે ગ્રાઉન્ડ ઝીરો પર આવીને જનતા દરબારમાં જવાબ આપવાની હિંમત બતાવશો?

એસી કેબિનોમાં બેસીને કે સોશિયલ મીડિયા પર આકર્ષક રીલ્સ બનાવીને નાગરિકોની વાસ્તવિક સમસ્યાઓનો ઉકેલ લાવી શકાતો નથી. રસ્તા પર ઉતરીને જોશો તો ખબર પડશે કે આ 'સ્માર્ટ સિટી' છે કે માત્ર 'ખાડા સિટી'!

પૂર્વ અમદાવાદના નાગરિકો તો છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર રસ્તાઓ, ઉભરાતી ગટરો અને પાણી ભરાવાની હાલાકી ભોગવી જ રહ્યા છે. પરંતુ હવે કરોડપતિઓ અને મધ્યમ વર્ગના નવા વસવાટ સમાન શેલા અને બોપલ જેવા પોશ વિસ્તારોની પણ આવી દયનીય હાલત કરીને તંત્રએ સાબિત કરી દીધું છે કે તેમની પાસે યોગ્ય પ્લાનિંગ નામની કોઈ વસ્તુ જ નથી.

શહેરમાં આક્રોશ સાથે ચર્ચાનો વિષય બન્યો છે કે, ચૂંટણી જીતીને કે હોદ્દા પર આવીને નવા કોર્પોરેટર બનતાની સાથે જ મોટી લક્ઝરી ગાડીઓ, બંગલાઓ અને વૈભવી લાઈફસ્ટાઈલ ક્યાંથી આવી જાય છે? મહિનાના માંડ ૧૮,૦૦૦ રૂપિયા જેટલા માનદ વેતનમાં આટલી મોજ-શોખ કઈ રીતે શક્ય બને? ગરીબ અને મધ્યમ વર્ગના મહેનતના ટેક્સના પૈસાથી થતી આ જાહોજલાલી અને ભ્રષ્ટાચાર ક્યારે બંધ થશે?

અંડરપાસો બંધ થઈ જવા, રસ્તાઓ ધોવાઈ જવા અને સોસાયટીઓમાં પાણી ઘૂસી જવા જેવી ઘટનાઓ હવે અમદાવાદ માટે રોજની બની ગઈ છે. જો AMC દ્વારા શેલા વિસ્તારમાંથી પાણીના નિકાલ માટે તાત્કાલિક પંપ મૂકીને કામગીરી કરવામાં નહીં આવે અને બિસ્માર રોડ-રસ્તાઓનું સમારકામ નહીં કરાય, તો આગામી દિવસોમાં શેલા સહિત સમગ્ર શહેરના નાગરિકો રોડ પર ઉતરીને મહાનગરપાલિકાના શાસકો અને અધિકારીઓ સામે ઘેરાવ કરશે તે નક્કી છે.

## આમોદ: 'I LOVE AMOD' બોર્ડ નીચે જ કચરાના ઢગલા, નગરપાલિકાની સફાઈ સામે સવાલો

આમોદ

આમોદના મુખ્ય ચાર રસ્તા પર આમોદની ઓળખ સમાન 'I LOVE AMOD' સેલ્ફી પોઈન્ટ નીચે જ ગંદકી અને કચરાના ઢગલા જોવા મળતા નગરપાલિકાની સ્વચ્છતા વ્યવસ્થા સામે સવાલો ઉઠ્યા છે. શહેરની સુંદરતા માટે મૂકાયેલું બોર્ડ જ ગંદકી વચ્ચે ઉભું હોવાના કારણે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અગાઉ પણ આ અંગે ધ્યાન દોરાયું હોવા છતાં સ્થિતિ યથાવત રહેતા તંત્રની કામગીરી સામે પ્રશ્નો ઉભા થયા છે. આ મુદ્દે ભાજપ યુવા મોરચાના શહેર મહામંત્રી મુકેશ લક્ષ્મણ રબારીએ કોંગ્રેસ શાસિત નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે અગાઉ ભાજપના શાસન દરમિયાન ગંદકીના મુદ્દે વિરોધ કરનારા કોંગ્રેસના નેતાઓની હાલની કામગીરી અંગે પણ પ્રશ્નો કર્યા છે. દરમિયાન DGVCL દ્વારા CSR હેઠળ નગરપાલિકાને સફાઈ માટે મિની JCB અને ટ્રેક્ટર આપવામાં આવ્યા છે ત્યારે તેનો માત્ર લોકાર્પણ પૂરતો નહીં પરંતુ શહેરની ગંદકી દૂર કરવા અસરકારક ઉપયોગ કરવાની માંગ ઉઠી છે. શહેરના જાહેર સ્થળે ગંદકીના મુદ્દે સોશિયલ મીડિયામાં મીડિયાને નિશાન બનાવવાને બદલે જવાબદાર અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને સવાલ



કરવા જોઈએ તેવી પણ ચર્ચા છે. મીડિયા જનતાના પ્રશ્નોને વાચા આપવાનું કામ કરે છે ત્યારે સત્તા કોઈપણ પક્ષની હોય, સ્વચ્છતા સહિતના જનહિતના પ્રશ્નો ઉઠાવવાની જવાબદારી રહે છે. હવે આમોદની જનતા વચનો કે માત્ર દેખાવ નહીં, પરંતુ 'I LOVE AMOD' સહિત સમગ્ર શહેરમાં ગંદકી દૂર થાય અને નિયમિત સફાઈ વ્યવસ્થા ઉભી થાય તેવી પરિણામલક્ષી કામગીરીની અપેક્ષા રાખી રહી છે.

### તારીખ 16ના રોજ જાહેર કરવામાં આવી ચૂંટણીની તારીખ

## છોટાઉદેપુર નગરપાલિકા વોર્ડ નંબર 4ની ચૂંટણી તારીખ 11/10/26 ના રોજ યોજાશે

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર સહિત સમગ્ર રાજ્યમાં વિવિધ શહેરોમાં ચૂંટણીપંચ દ્વારા નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની, પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની પેટા સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે જેમાં છોટાઉદેપુર નગરપાલિકા વોર્ડ નંબર 4 માં અનુસૂચિત આદિજાતિ ની બેઠક જેમાં પૂર્વ પાલિકા પ્રમુખ અને સભ્ય મંજુલાબેન કિશનભાઈ કોલીની બેઠક ખાલી પડતા તે માટેની ચૂંટણીની પણ જાહેરાત 11/10/26 ના રોજ કરવામાં આવી હોય જે અંગે હવે રાજકીય ક્ષેત્રે ધમધમાટ શરૂ થઈ રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર નગરપાલિકા પૂર્વ પ્રમુખ મંજુલાબેન કિશનભાઈ કોલીનો જાતિનો દાખલો વિશ્લેષણ સમિતિ દ્વારા રદ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય અને કાયદાકીય કાર્યવાહી બાદ જિલ્લા કલેક્ટર દ્વારા આ દાખલો રદ કરતા મંજુલાબેનનું સભ્યપદ અને પ્રમુખ પણ રદ થયું હતું જેમ કે હવે આ અનુસૂચિત આદિજાતિ વોર્ડ નંબર ચાર ની બેઠક ખાલી પડતા તેની ચૂંટણીની તારીખ 11/10/26 જાહેર થતાં રાજકીય પક્ષો અને આગેવાનોમાં દોડાદોડ શરૂ થઈ ગઈ છે જ્યારે ટૂંક સમયમાં ચૂંટણી યોજવાની હોય જેથી ભારે મહેનત અને ગોડફાદારોના શરણે ટિકિટ વાંછુઓ જતા જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છેકે નગર પાલિકા છોટાઉદેપુર માં રાજકીય માહોલ ભારે ગરમ ચાલી રહ્યો છે જેની સાથે એકબીજાને ટાંટિયા ખેંચવાની રમતો રમાઈ રહી છે સાથે સાથે ભાજપાનું બોર્ડ કેમ ઉથલાવી દેવું તેવી પણ ઘણી રમતો નવા નવા નેતાઓ કરી રહ્યા છે જ્યારે હવે જાતિના દાખલા ઉપર વાત આવી છે ત્યારે જાતિના દાખલા રદ કરવા બાબતે અરજીઓ થઈ રહી છે અને ભારે ગરમ માહોલ વચ્ચે એકબીજાને કેમ કરી નીચું દેખાડવું કે નુકસાન કરવું તેવા ઘણા પ્રયત્નો થતા હોય તેવી ચર્ચાઓ એ પણ જોર પકડી છે આ નગરપાલિકાની વોર્ડ નંબર ચાર ની સામાન્ય ચૂંટણીમાં પણ ભારે પ્રતિષ્ઠાનો જંગ ખેલાવાનો હોય છે જેની કમર અત્યારથી જ નેતાઓ કસી રહ્યા છે.

## નબીપુર પોલીસ સ્ટેશનનું રેન્જ IG સંદીપસિંઘે કર્યું ઇન્સ્પેક્શન

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ તાલુકાના નબીપુર પોલીસ સ્ટેશનમાં વડોદરા રેન્જ આઈ.જી. સંદીપસિંઘની હાજરીમાં પોલીસ સ્ટેશનનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન નબીપુર પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓએ રેન્જ આઈ.જી. સંદીપસિંઘને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. ઈન્સ્પેક્શન દરમિયાન નબીપુર પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી. પોલીસ સ્ટેશનના જુદા જુદા રેકોર્ડ, કામગીરી અને સ્ટાફની ફરજની તપાસ કરીને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન અપાયું હતું. આઈ.જી. સંદીપસિંઘે પોલીસની કામગીરીને વધુ સારી અને અસરકારક બનાવવા માટે જરૂરી સુધારા અને ઉપાયો વિશે અધિકારીઓ અને કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું. તેમણે કહ્યું કે પોલીસની મુખ્ય જવાબદારી લોકો સુધી સમયસર અને અસરકારક પોલીસ સેવા પહોંચાડવી છે. નાગરિકોની ફરિયાદો અને પ્રશ્નો ઉકેલવામાં સંવેદનશીલતાથી કામ કરવા પણ સૂચના અપાઈ હતી. આ ઈન્સ્પેક્શન દરમિયાન ભરૂચ જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણા, ડીવાયએસપી સી.કે. પટેલ, નબીપુર પોલીસ ઈન્સ્પેક્ટર ટી.આર. ચૌધરી સહિતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### પોરબંદર STના ડ્રાઇવર કંડક્ટરની પ્રામાણિકતા

## રૂપિયા 4.04 લાખના સોના-ચાંદીના દાગીના ભરેલી બેગ મુસાફરને પરત કરી

પોરબંદર, વિરમભાઈ કે. આગઠ

આજના મોંઘવારીના યુગમાં જ્યાં પૈસા મેળવવા માટે કેટલાક લોકો અવનવા કીમિયાઓ અજમાવતા અચકાતા નથી, ત્યારે બીજી તરફ માનવતા, પ્રામાણિકતા અને ઈમાનદારી હજુ પણ જીવંત છે તેવો પ્રેરણાદાયી દાખલો પોરબંદર એસ. ટી. ડેપોના ડ્રાઈવર અને કંડક્ટરે બેસાડ્યો છે. રૂ.૪.૦૪ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ ભરેલી બેગ બસમાં ભૂલાઈ જતા બંને કર્મચારીઓએ કોઈપણ જાતનો સ્વાર્થ રાખ્યા વિના તેને સુરક્ષિત રાખી મૂળ માલિકને પરત કરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ગત તા.૧૭/૦૯/૨૦૨૬ના રોજ પોરબંદર ડેપોથી સાંજે ૪:૩૦ કલાકે ઉપડેલી પોરબંદર-ધુનડા રૂટની





બસમાં રાણાવાવથી ત્રણ પાટિયા સુધી નમીરાબેન ફૈઝલભાઈ ઘોરી નામની મહિલાએ મુસાફરી કરી હતી. ત્રણ પાટિયા ખાતે ઉતરતી વખતે ઉતાવળમાં તેઓ પોતાની બેગ બસમાં જ ભૂલી ગયાં હતાં. આ બેગમાં આશરે રૂ.૪,૦૦, ૦૦૦ના સોનાના દાગીના, રૂ.૨,૦૦૦ની ચાંદીની ચેઈન અને રૂ.૨,૦૦૦ રોકડ, મળી કુલ આશરે રૂ.૪,૦૪,૦ ૦૦ની કિંમતી માલમતા હતી.

બસનો રૂટ પૂર્ણ થયા બાદ ફરજ પરના કંડક્ટર નેભાભાઈ એ. છુછર તથા ડ્રાઈવર માલદેભાઈ એન. ડાકીને બસમાં બેગ નજરે પડતાં બંને કર્મચારીઓએ સમયસૂચકતા દાખવી બેગ પોતાના કબ્જામાં લઈ સુરક્ષિત રાખી હતી. ત્યારબાદ પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા દર્શાવી તેમણે તાત્કાલિક પોરબંદર એસ.ટી. સ્ટેન્ડ ઈન્ચાર્જ એચ.એમ. રૂઘાણીને જાણ કરી હતી.

## આમોદમાં વરસાદી પાણીથી સ્કૂલનો રસ્તો તળાવ બન્યો, વિદ્યાર્થીઓ કાદવ-કીચડમાં ચાલવા મજબૂર




આમોદ

આમોદમાં BSNL કચેરી નજીક પુરસા નવીનગરી મિશ્ર શાળા-2 પાસે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે રસ્તા પર પાણી ભરાઈ જતાં સમગ્ર વિસ્તાર તળાવમાં ફેરવાઈ જાય છે. લાંબા સમય સુધી ગંદુ પાણી ભરાયેલું રહેતા શાળાએ જતા માસૂમ વિદ્યાર્થીઓને કાદવ-કીચડ અને ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે, જેના કારણે યુનિફોર્મ બગડવા સાથે આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું છે. સ્થાનિકોના રોષ વચ્ચે વિરોધ પક્ષના નેતા નિર્મલ પટેલે સ્થળ મુલાકાત લઈ પાલિકાની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું કે દર વરસાદે કાદવ, કીચડ અને ગંદકીની સ્થિતિ સર્જાય છે છતાં સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. બાળકોની સુરક્ષા અને આરોગ્યને ધ્યાનમાં રાખી તાત્કાલિક પાણીનો નિકાલ કરવાની માંગ સાથે તેમણે પાલિકાને ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યું હતું.

નિર્મલ પટેલે ચેતવણી આપી હતી કે સમસ્યાનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો નાગરિકોના હિતમાં ઉગ્ર લડત અને આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે. વાલીઓ અને સ્થાનિકોની માંગ છે કે માત્ર કામચલાઉ કામગીરીને બદલે યોગ્ય ડ્રેનેજ લાઇન, ગટર અને રસ્તાની ઢાળ સહિતની કાયમી વ્યવસ્થા કરવામાં આવે અને શાળા વિસ્તારને પ્રાથમિકતા આપી વિદ્યાર્થીઓને દર વરસાદે કાદવ-ગંદા પાણીમાંથી પસાર થવાની પરિસ્થિતિમાંથી મુક્ત કરવામાં આવે.

### જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજના અધ્યક્ષસ્થાને

## અંગદાન એ મહાદાનની ભાવનાને ચરિતાર્થ કરતા અંગદાન પ્રતિજ્ઞા કેમ્પનું આયોજન કરાયું

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ સમગ્ર રાજ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત ભરૂચ જિલ્લામાં પણ વિવિધ સેવાલક્ષી અને જનહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત 'સેવા મેરા યોગદાન'ના સંકલ્પ સાથે આજરોજ જિલ્લા વહીવટી તંત્ર અને ડૉ. કિરણ પટેલ મેડિકલ કોલેજ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ ડિમ્પલબેન રાજના અધ્યક્ષસ્થાને અંગદાન એ મહાદાનની ભાવનાને ચરિતાર્થ કરતા અંગદાન પ્રતિજ્ઞા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસેની વિશેષ ઉપસ્થતિ રહી હતી.



આ કાર્યક્રમમાં જેમણે અંગદાન કર્યું હોય તેવા પરિવારજનોને ખાસ આમંત્રિત કરી તેમનું પ્રશસ્તિ પત્ર આપીને તેમની ઉમદા સેવાને બિરદાવવામાં આવી હતી. સ્વજન ગુમાવવાના ઘેરા શોકની ક્ષણોમાં પણ અન્ય લોકોને નવજીવન આપવા માટે દાખવેલી અપ્રતિમ હિંમત અને ઉદારતા બદલ સમગ્ર તંત્રે પરિવારોનો આભાર વ્યક્ત કર્યો હતો. ચક્ષુદાન, અંગદાન, દેહદાન ક્ષેત્રે કામ કરતી સામાજિક સંસ્થા સંકલ્પ ફાઉન્ડેશનની કામગીરીને પ્રશસ્તિ આપીને બિરદાવવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ કાપસેએ જણાવ્યું હતું કે, અંગદાન એ માનવતાની સર્વોચ્ચ સેવા છે. ભરૂચના આ દાનવીર પરિવારોનું યોગદાન સમાજના અન્ય લોકો માટે સદા પ્રેરણાસ્રોત બની રહેશે.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત સહુ કોઈએ અંગદાન પ્રવૃત્તિને વેગ આપવા અને આ ઉમદા કાર્ય અંગે સમાજમાં વધુ જાગૃતિ ફેલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે, સામજિક ન્યાય સમિતિના અધ્યક્ષ શ્રી, જિલ્લા આરોગ્ય અધિકારી, અન્ય આરોગ્ય વિભાગના કર્મચારીઓ, જેને દેહદાન કર્યું તેમના પરિવાર જનો ઉપસ્થિતિ રહ્યા હતા.

## સુરતના મહિધરપુરામાં અબજોના સોનાના કારોબાર વચ્ચે મોટો વિશ્વાસઘાત

સુરત

સુરતનું હૃદય ગણાતા અને ઝવેરાત ઉદ્યોગ માટે જાણીતા મહિધરપુરા વિસ્તારમાંથી વિશ્વાસઘાત અને કરોડોની છેતરપિંડીની અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. સોનાના આકર્ષક ઘાટ અને દાગીના બનાવી આપવાના નામે એક બંગાળી કારીગર વેપારીનું મસમોટું ૨૪ કેરેટ શુદ્ધ સોનું ઓળવીને રફુચક્કર થઈ ગયો હતો, જેને પોલીસે પશ્ચિમ બંગાળ સ્થિત તેના વતનમાંથી જ દબોચી લીધો છે.

સરથાણા વિસ્તારમાં જ્વેલર્સનો વેપાર કરતા સંદીપભાઈ લીંબાણીએ સોનાના ઘાટ અને આકર્ષક દાગીનાના કારીગર તરીકે ઓળખ ધરાવતા બીલ્ટુ બલરામ સામંતા નામના કારીગર પર ભરોસો મૂકીને કરોડો રૂપિયાનું શુદ્ધ સોનું ઘડત કામ માટે આપ્યું હતું. શરૂઆતમાં કારીગરે સમયસર કામ પતાવીને વેપારીનો ગાઢ વિશ્વાસ કેળવ્યો હતો.

પરંતુ, છેલ્લા થોડા દિવસોથી સોનાના દાગીના બનાવી આપવાના નામે આરોપી માત્ર વાયદાઓ જ કરતો હતો.

## વિશ્વ ઉમિયાધામમાં પાટીદાર ખેડૂતોનો હોબાળો: "હવે ફંડ આપવાનું બંધ કરો!" – સમાજના આગેવાનો સામે રોષનો જ્વાળામુખી ફાટ્યો!

### ગુજરાતનો ખેડૂત રસ્તા પર અને આગેવાનો સત્તાધીશોની ચરણવંદનામાં? ખેડૂત આંદોલનની આગ વચ્ચે પાટીદાર સમાજના સંસ્થાગત વડાઓ સામે જનઆક્રોશ!

અમદાવાદ

અમદાવાદના જાસપુર સ્થિત વિશ્વ ઉમિયાધામ ખાતે પાટીદાર ખેડૂતોનો ભારે રોષ અને હોબાળો સામે આવ્યો છે. એક તરફ સમગ્ર ગુજરાતનો ખેડૂત પોતાના હક, યોગ્ય પોષણક્ષમ ભાવ અને પાયાની સુવિધાઓ માટે સરકાર સામે આંદોલનનું બ્યુગલ ફૂંકી રહ્યો છે, ત્યારે બીજી તરફ પાટીદાર સમાજની મોટી સંસ્થાઓ અને આગેવાનો ખેડૂતોના મુદ્દે મૌન સેવીને બેઠા હોવાના આક્ષેપ સાથે ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાયો છે. આક્રોશિત ખેડૂતોએ ઉમિયાધામ પરિસરમાં જ બુલંદ અવાજે સૂત્રોચ્ચાર કરીને હાકલ કરી છે કે: 'હવે આવી સંસ્થાઓને ફંડ-ડોનેશન આપવાનું તુરંત બંધ કરો!'

ખેડૂતોએ અત્યંત તીખા શબ્દોમાં પોતાનો વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે, પાટીદાર સમાજના નામે કરોડો અને અબજો રૂપિયાનું ફંડ ઉઘરાવતી સંસ્થાઓ અને તેના હોદ્દેદારો સરકાર સામે ખેડૂતોની રજૂઆત કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે. જ્યારે ખેડૂત રસ્તા પર ઉતરીને પોતાના હકની લડાઈ લડી રહ્યો છે, ત્યારે સમાજના સ્વયંભૂ આગેવાનો સત્તાધીશોની ખુશામત કરવામાં અને ફોટોશૂટ કરાવવામાં વ્યસ્ત છે. સંસ્થાના મંચ પરથી માત્ર સમાજના નામે ભાષણો આપવાના અને જ્યારે ખેડૂત પર સંકટ આવે ત્યારે સરકાર સામે મોં પણ ન ખોલવાનું! 'ગુજરાતનો ખેડૂત હવે જાગી ગયો છે. જો આગેવાનો ખેડૂતોના પડતર પ્રશ્ને સામે અવાજ નહીં ઉઠાવે, તો સમાજના સદ્ધર ખેડૂતો આ સંસ્થાઓને રૂપિયો પણ ફંડ નહીં આપે.' ગુજરાતમાં અત્યારે ખેડૂતો વિવિધ મુશ્કેલીઓ, ખાતરની અછત, વીજળીના ધાંધિયા અને પૂરતા પોષણક્ષમ ભાવ ન મળવા જેવા મુદ્દાઓને લઈને આંદોલનના માર્ગે છે.



### હવે સુંદરતાની વ્યાખ્યા બદલાઈ ગઈ...

# કેટરિના કૈફે 'બોડી શેમિંગ' મુદ્દે ટ્રોલર્સને આપ્યો જડબાતોડ જવાબ

મુંબઈ

કેટરિના કૈફ હાલમાં પોતાના બોડી શેમિંગને લઈને ચર્ચામાં છે. પ્રેગ્નન્સી પછી વધી ગયેલા વજનને કારણે એને ટ્રોલ કરવામાં આવી રહી છે. નવેમ્બર 2025માં સંતાન વિહાનનું સ્વાગત કર્યા બાદ ફિલ્મમાંથી થોડા સમય માટે દૂર થઈ હતી. તાજેતરમાં ગણેશોત્સવ દરમિયાન તે જોવા મળી હતી. પહેલીવાર પબ્લિકમાં આવતા સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ એના વધી ગયેલા વજન બદલ ટ્રોલ કરી હતી. વિહાનના આવ્યા પહેલાની તસવીર અને આવ્યા પછીની તસવીર શૅર કરીને વજન તેમજ લૂક પર કોમેન્ટ કરી હતી. અલી ઝફર, સોનાલિકા ભદૌરિયા અને શિવાલિકા જેવા સ્ટાર એના સપોર્ટમાં ઊતર્યા હતા. માતા બન્યા પછી એની સ્કિનમાં આવેલા પરિવર્તન અને દેખાવને લઈને તે શું વિચારે છે એ વિચારને શબ્દો આપી દીધા છે. એક્ટ્રેસે કહ્યું કે, સુંદર દેખાવવાનો અર્થ માત્ર સારા દેખાવવાનો નથી.

ખુદને અંદરની બેસ્ટ મહેસુસ કરવાનો છે. એક મીડિયા મુલાકાતમાં એક્ટ્રેસે કહ્યું હતું કે, પ્રેગ્નન્સી પછી સ્કિનમાં આવેલા ફેરફારમાં મારી સ્કિન વધારે સેન્સિટિવ થઈ ગઈ હતી. એ સમય મારા માટે ખૂબ જ મુશ્કેલીથી ભરેલો હતો, કારણ કે મારે સમજવાનું હતું કે, કઈ પ્રોડક્ટ મારી સ્કિન માટે બેસ્ટ છે. હું એક એવી પ્રોડક્ટની શોધમાં હતી જે મારી સ્કિનને રિલેક્સ કરી દે. સોફ્ટ અને તાજગીથી ભરી દે. બોલીવુડમાં આવ્યા બાદ સૌથી વધારે બ્યૂટીફૂલ દેખાવવાનો અર્થ હવે ઘણો બદલાઈ ગયો છે. જ્યારે મેં મોડલિંગ અને એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી એ સમયે ખૂબસુરતીના સ્ટાન્ડર્ડને લઈ ઘણા સ્ટિરિયોટાઈપ હતા. હવે મારા માટે સુંદર દેખાવવાનો અર્થ અંદરથી સારૂ ફીલ થાય એ અને પોતાની કેર કરવાનો છે.

અત્યારે એ સમય છે જ્યારે તમારે હેલ્થી ડાયેટ લેવું જોઈએ. શરીરમાં જે કોઈ ફેરફાર થઈ રહ્યા હોય એને પણ કંટ્રોલમાં રાખવા જોઈએ. આત્મવિશ્વાસ આપોઆપ બાહરથી આવશે. શરીરની સાથે મનને પણ એક્ટિવ રાખવાનું છે. મેડિટેશન કરવાનું છે. સવારના સમયે એક કલાક સુધી ફોનથી દૂર રહેવાનું અને સવારે ઊઠીને નેચરલ ડાયટ કરવાનું. આ તમામ વસ્તુઓથી મને ઘણો ફર્ક પડ્યો છે અને આ વસ્તુઓ મને અસર કરી રહી છે. આની અસર મારી સ્કિન પર દેખાય છે.

**સ્ત્રી-સશક્તિકરણની વાતો વચ્ચે બીજી મહિલાનું ઘર તોડવું કે તેના અધિકાર પર તરાપ મારવી એ કોઇ પણ રીતે યોગ્ય ઠેરવી શકાય નહીં**

# અંજલી અરોરાની 'રામાયણ'નું ટ્રેલર રિલીઝ

### આ ફિલ્મ પ્રાચીન મહાકાવ્ય રામાયણની ગાથાને મોટા પડદે રજૂ કરશે. આ ફિલ્મનો ઉદ્દેશ તેના મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવાનું છે.



મુંબઈ

રણબીર કપૂર અને સાંઈ પલ્લવીની આગામી ફિલ્મ 'રામાયણ' રિલીઝ થતા પહેલા અંજલી અરોરાની ફિલ્મ 'મહાકાવ્ય શ્રી રામાયણ કથા- શ્રીરામકી' સિનેમાઘરોમાં ટૂંક સમયમાં જોવા મળશે. હવે મેકર્સ દ્વારા આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મ પ્રાચીન મહાકાવ્ય રામાયણની ગાથાને મોટા પડદે રજૂ કરશે. આ ફિલ્મનો ઉદ્દેશ તેના મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવાનું છે. ટ્રેલર રિલીઝ પહેલા મેકર્સે આ ફિલ્મનું ટીઝર અને ત્રણ ગીતો 'સિયારામ', 'રામજી કી સેનાએ' અને 'હે હનુમાન' રિલીઝ કર્યા હતા. આ ગીતોને સંગીત પ્રેમીઓ તરફથી ખૂબ પસંદ કરવામાં આવ્યા હતા. જોકે ફિલ્મના અન્ય ગીતો રિલીઝ થવાના છે. બીજી તરફ રણબીર કપૂરની ફિલ્મનું બજેટ 4,000 કરોડ રૂપિયા છે. તે દિવાળી પર આવશે. સરખા ટોપિકના લીધે બંને ફિલ્મોની તુલના પણ થઈ રહી છે. અંજલી અરોરાની રામાયણનું ટ્રેલર રિલીઝ ટ્રેલરમાં શ્રીરામ અને માતા સીતાની દિવ્ય યાત્રાની ઝલક જોવા મળે છે. ફિલ્મમાં દેવ શર્મા શ્રીરામના રૂપમાં છે તો અંજલી અરોરા માતા સીતાના પાત્રમાં જોવા મળશે. આ સાથે જ રજનીશ દુગ્ગલ રાવણના પાત્રમાં છે. ટ્રેલરમાં રામાયણના અમુક મહત્વપૂર્ણ પળો બતાવવામાં આવ્યા છે, જેમાં શ્રી રામ અને માતા સીતા વચ્ચેના સબંધો, વનવાસ દરમિયાન તેમની યાત્રા, સીતાહરણ, હનુમાનજીની ભક્તિ અને ધર્મ અને અધર્મ વચ્ચેની અંતિમ લડાઈ સામેલ છે. ધર્મ અને મર્યાદાની સ્ટોરી ટ્રેલરમાં ફિલ્મના મુખ્ય સંદેશને 'અધર્મ કે સામને ધર્મ કા નામ, શ્રી રામ' લાઈન દ્વારા બતાવવામાં આવ્યું છે, જેમાં ધર્મ અને મર્યાદા કહાનીના મુખ્ય વિષય છે. ફિલ્મના મ્યુઝિકમાં અનેક પ્રખ્યાત અને ઉમદા ગાયકોએ પોતાનો અવાજ આપ્યો છે, જેમાં કૈલાશ ખેર, જાવેદ અલી, ફરહાદ ભિવંડીવાલા, અનુરાગ શર્મા અને સુનિલ સોની જેવા ગાયકો સામેલ છે.

# મરાઠી ફિલ્મ 'ગોંધલ' ઓસ્કારમાં ભારતની સત્તાવાર એન્ટ્રી

### આ વર્ષે ઓસ્કરની દાવેદારી માટે દેશભરની અલગ-અલગ ભાષાઓમાંથી કુલ 33 ફિલ્મો FFI પાસે મોકલવામાં આવી હતી

મુંબઈ

મરાઠી ફિલ્મ 'ગોંધલ' (Gondhal)ને 99મા એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કર 2027) માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. ફિલ્મ ફેડરેશન ઑફ ઇન્ડિયા (FFI)એ શુક્રવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. આ એક થ્રિલર ફિલ્મ છે, જે ઓસ્કર સમારોહમાં 'બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ' કેટેગરીમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે. આ વખતે ઓસ્કરની રેસમાં ભારત તરફથી કુલ 33 ફિલ્મો સામેલ થઈ હતી, જેમાંથી પસંદગી સમિતિએ 'ગોંધલ'ના નામ પર મહોર લગાવી છે. આ વર્ષે ઓસ્કરની દાવેદારી માટે દેશભરની અલગ-અલગ ભાષાઓમાંથી કુલ 33 ફિલ્મો FFI પાસે મોકલવામાં આવી હતી. તેમાં સૌથી વધુ 14 ફિલ્મો હિન્દી ભાષાની હતી. આ ઉપરાંત મરાઠી, તેલુગુ અને ગુજરાતી ભાષામાંથી 4-4 ફિલ્મો, તમિલમાંથી 3 ફિલ્મો અને મલયાલમ તથા નાગામી ભાષામાંથી 1-1 ફિલ્મ સામેલ હતી. 33 ભારતીય ફિલ્મોની યાદીમાં 14 હિન્દી ફિલ્મો હક, 120 બહાદુર, તેરા મેરા નાતા, મૈં વાપસ આઊંગા, ઓહ માય ડૉગ, બોર્ડર 2, ખૂંટા, ધુરંધર, ધુરંધર ધ રિવેન્જ, ગવર્નર, 2020 દિલ્હી, ઈક્કીસ, ઑબ્સેસ અને હનુમાન અંશ છે. હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાઓની મજબૂત દાવેદારી છતાં મરાઠી ફિલ્મ 'ગોંધલ' બાજી મારવામાં સફળ રહી. 2 કલાકના રનટાઇમવાળી આ મરાઠી ફિલ્મ ગ્રામ્ય મહારાષ્ટ્રની લોકપરંપરા અને ધાર્મિક વિધિ 'ગોંધલ' પર આધારિત એક સાયકોલોજિકલ થ્રિલર છે. આ ફિલ્મનું લેખન અને દિગ્દર્શન સંતોષ ડાવખરે કર્યું છે. ફિલ્મની વાર્તા નવપરિણીત દંપતી આનંદ અને સુમનના ઘરે આયોજિત રાતભર ચાલતી ગોંધલ વિધિની આસપાસ ફરે છે. પૂજા-પાઠ અને ઉત્સવ દરમિયાન ગામના લોકો વચ્ચેના દબાયેલા જૂના વિવાદો, વ્યક્તિગત અદાવતો અને રાજકીય તણાવો બહાર આવવા લાગે છે. ગામના પાટીલનો પુત્ર સરજેરાવ, જે સુમન સાથે લગ્ન ન થઈ શકવાને કારણે નારાજ હતો, આ લગ્ન સ્વીકારી શકતો નથી અને ધીમે ધીમે આ પવિત્ર વિધિ એક ક્રાઇમ અને સસ્પેન્સ ડ્રામામાં ફેરવાઈ જાય છે. ફિલ્મમાં કિશોર કદમ, ઈશિતા દેશમુખ, યોગેશ સોહણી, નિષાદ ભોઈર અને સુરેશ વિશ્વકર્માએ મુખ્ય ભૂમિકાઓ ભજવી છે. આ ફિલ્મનું સંગીત મહાન સંગીતકાર ઈલૈયારાજાએ તૈયાર કર્યું છે. આ જ નિર્માણ માટે દિગ્દર્શક સંતોષ ડાવખરને ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયા (IFFI)માં સિલ્વર પીકોક (શ્રેષ્ઠ દિગ્દર્શક)નો પુરસ્કાર પણ મળી ચૂક્યો છે.






# અમોલ પરાશરને બર્થડે વિશ કરતી કોંકણાની પોસ્ટે મચાવી ધમાલ

### દરેક સંબંધોને નામ આપવું જરૂરી નથી. તમે ખુશ, સામેવાળી વ્યક્તિ ખુશ અને ઘરના ખુશ એટલે વાર્તા ખતમ

મુંબઈ

થોડા સમયથી ફિલ્મ જગતમાં કોઈના પણ સંબંધો વિશે ખાસ ચર્ચા થઈ નથી, જોકે કોંકણા સેન શર્મા અને અમોલ પરાશર વિશેની અફવાઓ ચોક્કસપણે સામે આવી છે. અફવાઓ જેના વિશે આ અભિનેત્રીએ અગાઉ પણ વાત કરી હતી, જોકે તાજેતરમાં કોંકણાએ અમોલના જન્મદિવસ પર તેની સાથેનો એક વીડિયો શેર કર્યો હતો. તેના જવાબમાં, ચાહકો માત્ર તેને જન્મદિવસની શુભેચ્છા જ નથી આપી રહ્યા પરંતુ તેમના સંબંધો વિશે ખુલ્લેઆમ ટિપ્પણી પણ કરી રહ્યા છે. આ પોસ્ટને તે જોડી તરફથી સત્તાવાર જાહેરાત તરીકે જોઈ રહ્યા છે. કોંકણા એ સોશિયલ મીડિયા પર એક વીડિયો શૅર કર્યો છે. જેમાં કોંકણા આગળ ઊભી છે અને અમોલ પાછળ ઊભા છે. કોંકણાએ ઈન્સ્ટાગ્રામ પર ફેમસ ટ્રેન્ડ પર વીડિયો બનાવીને પોસ્ટ કર્યો છે. અમોલે પણ આ વીડિયોમાં સાથ આપ્યો છે. વીડિયો પર એવું લખવામાં આવ્યું કે, જ્યારે એનો બર્થ ડે હોય અને એને કંઈક કરવાનું મન હોય ન હોય. આ વીડિયોના માધ્યમથી કોંકણા, અમોલને પૂછી રહી છે કે, તે બર્થ ડે પર શું કરવા માગે છે. જેની સામે અમોલ એક્સપ્રેશન બતાવે છે. આ ખાસ અવસર પર કંઈ પણ તૈયાર નથી. પછી બન્ને ક્યૂટ એક્સપ્રેશન પર ફેન્સ વખાણ કરી રહ્યા છે. ફેન્સ આના પર રીએક્ટ કરી રહ્યા છે. આ પહેલા પણ અમોલે પોતાની રિલેશનશીપને લઈને રીએક્ટ કરી ચૂક્યા છે. એ સમયે કહ્યું હતું કે, કોઈએ મને પૂછ્યું નથી અને બધા પોતપોતાના અનુમાન લગાવી રહ્યા છે. પહેલા હું આવી દરેક અપડેટ પર રીએક્ટ કરતો જે હવે હું નથી કરતો, મેં મુવઓન કરી લીધું છે. અમારી વચ્ચે જે કંઈ હશે અને એને હું શૅર કરવા માટે માગીશ તો હું પહેલા એ સોશિયલ મીડિયા પર શૅર કરીશ. આપણા દરેકના જીવનમાં ઘણા લોકો હોય છે પણ કેટલાક ક્લોઝ હોય તો કેટલાક વધારે ક્લોઝ હોય છે. દરેક સંબંધોને નામ આપવું જરૂરી નથી. તમે ખુશ, સામેવાળી વ્યક્તિ ખુશ અને ઘરના ખુશ એટલે વાર્તા ખતમ.

# ગુરમીત ચૌધરી અને ઈશા માલવિયાની 'તુમ મેરે હો'માં પ્રેમ સાથે એક્શન-એડવેન્ચરનો રોમાંચ, 23 ઓક્ટોબરે થશે રિલીઝ

મુંબઈ

ગુરમીત ચૌધરી અને ઈશા માલવિયાની 'તુમ મેરે હો'માં પ્રેમ, એક્શન અને એડવેન્ચરનો તડકો; ઈશા માલવિયાનું બોલિવૂડ ડેબ્યૂ, 23 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે ફિલ્મ જ્યારે પ્રેમ જુનૂન બની જાય છે, ત્યારે તેની સફર સરળ રહેતી નથી. ગુરમીત ચૌધરી અને ઈશા માલવિયા પહેલીવાર ફિલ્મ 'તુમ મેરે હો'માં સાથે જોવા મળશે. આ ફિલ્મ ઈશા માલિયાનું બોલિવૂડ ડેબ્યૂ પણ છે. પ્રેમ, ઈમોશન, એક્શન અને એડવેન્ચરથી ભરપૂર આ ફિલ્મ 23 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. મેકર્સે ફિલ્મના પહેલા પોસ્ટર્સ રિલીઝ કર્યા છે, જેમાં ગુરમીત અને ઈશાની જોડી વચ્ચેની ઊંડી લાગણીઓ અને તેમના સંબંધોની ઝલક જોવા મળે છે. ગુરમીત ચૌધરી અને ઈશા માલવિયાની ફ્રેશ જોડી સાથે 'તુમ મેરે હો' માત્ર એક સામાન્ય લવ સ્ટોરી નથી. ફિલ્મમાં પ્રેમની સાથે એક્શન અને એડવેન્ચર પણ જોવા મળશે. પોસ્ટર્સ પરથી ઝલક મળે છે કે બંનેનો સંબંધ અનેક મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે અને તેમના પ્રેમનું દરેક પગલું એક નવી મુશ્કેલી લઈને આવે છે. ફિલ્મ વિશે વાત કરતાં દિગ્દર્શક આશિષ પાંડાએ કહ્યું, "તુમ મેરે હો દ્વારા પ્રેમની ઊંડાઈ અને તેની ઈન્ટેન્સિટીને મોટા પડદા પર રજૂ કરવી મારા માટે ખૂબ જ ખાસ છે. આ માત્ર સુંદર પળોની કહાની નથી, પરંતુ એવી લાગણીઓ, મુશ્કેલીઓ અને પરિસ્થિતિઓની કહાની છે, જે બે લોકોના સંબંધની કસોટી કરે છે. અમે એવી ઈન્ટેન્સ લવ સ્ટોરી બનાવવા માગતા હતા, જેમાં એક્શન અને એડવેન્ચરનો રોમાંચ પણ હોય અને દર્શકોને એક મોટો સિનેમેટિક અનુભવ મળે." ગુરમીત ચૌધરી સાથે કામ કરવાના અનુભવ વિશે આશિષ કહે છે, "એક એક્ટર અને પ્રોડ્યુસર તરીકે ગુરમીત સાથે કામ કરવું ખૂબ જ સરળ અને સુંદર અનુભવ રહ્યો.



### જાપાનને 8 વિકેટથી હરાવ્યું, શેફાલીએ નોટઆઉટ 40 રન બનાવ્યા

# ઈન્ડિયન વુમન્સ ટીમ એશિયન ગેમ્સની સેમિફાઇનલમાં પહોંચી

**નાગોયા**

ભારતીય વુમન્સ ટીમે એશિયન ગેમ્સ 2026ની ક્વાર્ટર ફાઈનલમાં જાપાનને 8 વિકેટથી હરાવીને સેમિફાઈનલમાં સ્થાન બનાવી લીધું છે. ભારતે ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જાપાનની ટીમ 19.5 ઓવરમાં 57 રન પર ઓલઆઉટ થઈ ગઈ. ભારતે શેફાલી વર્માના નોટઆઉટ 40 રનની મદદથી 58 રનનો ટાર્ગેટ 5 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. ભારત તરફથી શ્રી ચરણીએ 4 વિકેટ લીધી. શેફાલી વર્માએ 2 તથા દીપ્તિ શર્મા અને શ્રેયંકા પાટીલે 1-1 વિકેટ લીધી. જાપાનની બે બેટર રન આઉટ થઈ. ભારત ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. ટીમે 2023 એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ



જીત્યો હતો. ટીમ આઠમી વખત મહિલા એશિયા કપ જીતીને અહીં પહોંચી છે. ભારતને 2.4 ઓવરમાં બીજો ઝટકો લાગ્યો. અયાકા કાટો-સ્ટાફોર્ડના બોલ પર ભારતી ફૂલમાલી 6 રન બનાવીને આઉટ થઈ. તેણે ઈનસાઈડ-આઉટ શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ પોઈન્ટ તરફ ગયો, જ્યાં શિમાકો કાટોએ કેચ પકડી લીધો. ભારતને બીજી જ ઓવરમાં પહેલો ઝટકો લાગ્યો. 1.2 ઓવરમાં જી કમલિની ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગઈ. નોનોહા યાસુમોતોના બોલ પર કમાલિનીએ લોંગ-ઓનની ઉપરથી મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ વધુ દૂર ન ગયો અને અહલ્યા ચંદેલે ડીપમાં કેચ પકડી લીધો. 19.5 ઓવરમાં નોનોહા યાસુમોતો ખાતું ખોલાવ્યા વિના બોલ્ડ થઈ ગઈ. શ્રેયંકા પાટીલના બોલ પર તેણે ફ્લિક રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ પેડ પર લાગીને સ્ટમ્પમાં જઈ વાગ્યો. આ સાથે જ જાપાનની ઈનિંગ્સ 57 રન પર સમેટાઈ ગઈ. 18મી ઓવરમાં શ્રી ચરણીએ બે વિકેટ લઈને 4 વિકેટ પૂરી કરી. તેણે 18.2 ઓવરમાં અકારી કાનોને 2 રન પર ભારતી ફૂલમાલીના હાથે કેચ કરાવ્યા.

## એશિયન ગેમ્સમાં મનુ ભાકર-તજિંદરપાલ ભારતના ધ્વજવાહક હશે

**મુંબઈ**

બે ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા મનુ ભાકર અને બે વખતના એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલ વિજેતા તજિન્દરપાલ સિંહ તૂર ભારતના ધ્વજવાહક હશે. બંને શનિવારે નાગોયાના પાલોમા મિઝુહો સ્ટેડિયમમાં યોજાનારી 2026 એશિયન ગેમ્સની ઓપનિંગ સેરેમનીમાં ભારતીય દળનું નેતૃત્વ કરશે. ભારતે આ વખતે એશિયન ગેમ્સ માટે 503 ખેલાડીઓનું દળ મોકલ્યું છે. તેમાં 269 પુરુષ અને 234 મહિલા ખેલાડીઓનો સમાવેશ થાય છે. મનુએ એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીત્યા મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિક 2024માં બે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. તેમણે મહિલાઓની 10 મીટર એર પિસ્ટલ અને સરબજોત સિંહ સાથે 10 મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં મેડલ મેળવ્યો હતો. તેઓ એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનાર ભારતના પ્રથમ ખેલાડી બન્યા હતા. મનુએ 2018 કોમનવેલ્થ ગેમ્સમાં 10 મીટર એર પિસ્ટલમાં ગોલ્ડ, 2018 યુથ ઓલિમ્પિકમાં ગોલ્ડ અને 2018 ISSF વર્લ્ડ કપમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેમણે 2022 એશિયન ગેમ્સમાં 25 મીટર પિસ્ટલ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ અને 2023 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 25 મીટર પિસ્ટલ ટીમ ઈવેન્ટમાં પણ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

### મેદાન પર પલાંઠી વાળી કર્યો 'ૐ નમઃ શિવાય'નો જાપ

## તોફાની ઈનિંગ્સ બાદ અભિષેકનું 'યોગિક' સેલિબ્રેશન વાઈરલ

**નવી દિલ્હી**

ભારતે ત્રીજી ટી-20 મેચમાં અફઘાનિસ્તાનને 127 રનથી હરાવી દીધું. દિલ્હીમાં રમાયેલી મેચમાં ભારતીય ઓપનર અભિષેક શર્માએ 108 રન બનાવ્યા. આ ઈનિંગ દરમિયાન તેમણે અનેક રેકોર્ડ પોતાના નામે કર્યા. અભિષેક ટી-20 આંતરરાષ્ટ્રીયમાં પાવરપ્લે દરમિયાન સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગયા. આ સાથે જ તેમણે ઓવરઓલ ટી-20માં સૌથી વધુ સદી ફટકારનાર ભારતીયોમાં વિરાટ કોહલીની બરાબરી કરી. બંનેના નામે 10 સદી છે. આ ઉપરાંત તેમણે 30 બોલમાં સદી ફટકારીને રોહિત શર્માના સૌથી ઝડપી સદીના ભારતીય રેકોર્ડને પણ તોડી નાખ્યો. અભિષેકની



ઈનિંગથી વધુ ચર્ચા તેના સેલિબ્રેશનની થઈ રહી છે. જેવી જ તેની સદી પૂરી થઈ, તે મેદાન પર જ પલાઠી વાળીને બેસી ગયો અને હાથ જોડીને ધ્યાન મુદ્રામાં આવી ગયો. તેનો 'ઓમ નમઃ શિવાય' વાળો અંદાજ ફેન્સના દિલ જીતી રહ્યો છે. મેદાન પર આટલી આક્રમક બેટિંગ કર્યા પછી આવો શાંત અને ભક્તિભાવ વાળો જશ્ન જોઈને દરેક કોઈ હેરાન રહી ગયા. અભિષેકે દિલ્હીમાં પાવરપ્લેની 6 ઓવરમાં 22 બોલમાં અણનમ 76 રન બનાવ્યા. પુરુષોની ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાવરપ્લે દરમિયાન કોઈ બેટરનો આ સૌથી મોટો સ્કોર છે. પોર્ટુગલના કુલદીપ ઘોલિયા 74 રન સાથે બીજા સ્થાને છે. અભિષેક સૌથી ઝડપી સદી ફટકારનાર ભારતીય ખેલાડી બની ગયા છે. તેમણે રોહિત શર્માએ 2017માં 35 બોલમાં ફટકારેલી સદીનો રેકોર્ડ તોડી નાખ્યો.

## વૈભવને પ્લેઈંગ-11માં ન રમાડવા અંગે ગંભીરનું મોટું નિવેદન

### ઉંમર 15 હોય કે 30, રાહ તો જોવી જ પડશે!, પંડ્યા માટે કહ્યું- 'એ 10 ઓવર તો નાખી નથી શકતો'

**ઈસ્લામાબાદ**

15 વર્ષના વૈભવ સૂર્યવંશીને અફઘાનિસ્તાન સામેની ટી-20 સિરીઝમાં એક પણ મેચ રમવાની તક કેમ મળી નહીં? મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ગુરુવારે આ સવાલનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ખેલાડીની ઉંમર 15 વર્ષ હોય કે 30 વર્ષ, તક માટે રાહ જોવી જ પડશે.

ગંભીરે કહ્યું, 'વૈભવ સાથેની વાતચીત સ્પષ્ટ હતી કે તેણે તકની રાહ જોવી પડશે. જ્યારે તક મળશે, ત્યારે સતત મળશે.' ગંભીરે કહ્યું કે અમને ખબર છે કે તેનામાં કેવા પ્રકારની પ્રતિભા છે અને તે શું કરી શકે છે. પરંતુ જે ખેલાડી બે વર્ષથી સતત સારું રમી રહ્યો છે, તે ટીમમાં નવા આવેલા ખેલાડી કરતાં આગળ રહેશે. વૈભવ સૂર્યવંશીએ થોડા મહિના



પહેલાં ઈંગ્લેન્ડમાં પોતાની પહેલી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેમણે ત્રણ મેચોમાં 42 રન બનાવ્યા હતા. ત્યારબાદ ઝિમ્બાબ્વે સામેની સિરીઝમાં 151 રન બનાવીને ટોપ સ્કોરર રહ્યો હતો. સંજુને બહાર રાખવો સૌથી મુશ્કેલ નિર્ણય હતો ગંભીરે સંજુ સેમસનને ફરી તક આપવાના નિર્ણય અંગે કહ્યું કે વર્લ્ડ કપમાં પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ બનનાર ખેલાડી અચાનક ખરાબ બની જતો નથી. તેમને ઈંગ્લેન્ડ સિરીઝમાંથી બહાર રાખવો મારા કોચિંગ કાર્યકાળનો કદાચ સૌથી મુશ્કેલ નિર્ણય હતો. વર્લ્ડ કપની ઓપનિંગ જોડી સાથે જવા માગતા હતા. ગંભીરે કહ્યું કે આ સિરીઝમાં તેઓ વર્લ્ડ કપ 2026ની ઓપનિંગ જોડી સાથે જવા માગતા હતા. આથી અભિષેક અને સંજુ સેમસનની જોડીને તમામ મેચોમાં જાળવી રાખી. બંનેએ ત્રણ મેચોમાં મળીને 346 રન બનાવ્યા. ભારતે અફઘાનિસ્તાનને ત્રીજી ટી-20માં 127 રનથી હરાવીને સિરીઝ 3-0થી જીતી. હાર્દિક પંડ્યાની ફિટનેસ સાથે જોડાયેલા સવાલ પર ગંભીરએ કહ્યું કે તેઓ હાલમાં વનડેમાં સંપૂર્ણ 10 ઓવર બોલિંગ કરવા માટે તૈયાર નથી. તેથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેમના વાપસીમાં ઉતાવળ કરવામાં આવશે નહીં. હાર્દિક ફિટ થશે તો નીતિશ સાથે રમી શકે છે ગંભીરએ કહ્યું, 'પંડ્યા જ્યારે ફિટ થશે, ત્યારે તેમના અને નીતિશ બંનેના રમવાની શક્યતા છે.' આનાથી ટીમને બેટિંગમાં વધારાની ઊંડાઈ સાથે બોલિંગમાં પણ એક વધારાનો વિકલ્પ મળી શકે છે. ઈન્ડિયા-એ ટીમમાં નામ, ફિટનેસ ક્લિયરન્સની રાહ હારિતને પુડુચેરીમાં ઓસ્ટ્રેલિયા-એ સામેની વનડે સિરીઝ માટે ઈન્ડિયા-એ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. જોકે, આ સિરીઝમાં તેમનું રમવું BCCIના સેન્ટર ઑફ એક્સલન્સ તરફથી મળનારી અંતિમ ફિટનેસ ક્લિયરન્સ પર નિર્ભર છે.



### OPENAIના રિપોર્ટમાં ડરામણા ખુલાસા

## પોતાને માણસ સમજી AI નિયમો તોડવા લાગ્યું

**મુંબઈ**

OpenAIએ AIની તાલીમ અને તપાસ દરમિયાન જોવા મળેલા વર્તનો અંગે રિપોર્ટ જાહેર કર્યો છે. તેના મુજબ, AI મોડલે તાલીમ દરમિયાન કેટલીક એવી હરકતો કરી જે ચિંતાજનક અને ડરામણી છે. કંપની અનુસાર, મોડલ એક વખત નિયમોનું પાલન ન કરવા માટે પોતાને માનવી સમજવા લાગ્યું અને આવું કરવા માટે નવા નિયમો ઘડ્યા તથા કંપનીઓ અને સરકારોના તમામ બંધનોથી પોતાને મુક્ત જાહેર કર્યું. કંપનીના રિપોર્ટમાં આવા કુલ 6 કેસોની માહિતી છે. આને 'મિસઅલાઈનમેન્ટ' કહેવામાં આવે છે. સરળ ભાષામાં કહીએ તો, AIનું માનવીય સૂચનો, ઈરાદા અથવા નક્કી કરાયેલી



મર્યાદાઓથી હટીને કામ કરવું. ચિંતા એ છે કે કામ પૂરું કરવાનો પ્રયાસ કરતી વખતે તે મંજૂરી અને સુરક્ષાની મર્યાદાઓ ઓળંગી શકે છે. તેનાથી જવાબોની વિશ્વસનીયતા અને ફાઈલોની ગોપનીયતા જોખમમાં મુકાઈ શકે છે. આ પહેલાં જુલાઈમાં OpenAIએ ખુલાસો કર્યો હતો કે સુરક્ષા પરીક્ષણ દરમિયાન તેના AIએ પ્રતિબંધો પાર કરીને AI મોડલ્સ શેર કરતા પ્લેટફોર્મ હગિંગ ફેસની સિસ્ટમમાં ઘૂસણખોરી કરી હતી. કંપની હવે આવા કિસ્સાઓને નોંધવા, દેખરેખ રાખવા અને મામલો જાહેર કરવાની નવી વ્યવસ્થા લઈને આવી છે. કોઈપણ કર્મચારી શંકાસ્પદ વર્તનની જાણ કરી શકશે. તપાસ બાદ નક્કી કરવામાં આવશે કે કયો મામલો જાહેર કરવો. કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે આ છ રિપોર્ટોથી સામાન્ય ઉપયોગમાં આવી ખામીઓના સંપૂર્ણ આંકડા જાણી શકાય નહીં. એક AI મોડલે કામ ચાલુ રાખવા માટે પોતાના માટે નવા નિર્દેશો ઉમેરી દીધા. તેમાંના કેટલાક નિર્દેશો તેના પર લાગુ પ્રતિબંધોની અવગણના કરવા માટેના હતા. OpenAI કંપનીને આવા કુલ 27 નિર્દેશો મળ્યા. જીપીટી-5.6 સોલની તાલીમ દરમિયાન અનેક ઉદાહરણોમાં AIએ પોતાની ભૂલો વપરાશકર્તાથી છુપાવવા માટે સૂચનાઓ લખી.

### ચેરમેન એમેરિટસ બનાવાયા; તેમના પુત્ર હૉવર્ડ બફે બોર્ડની કમાન સંભાળશે

# વૉરેન બફેટે બર્કશાયર હેથવેના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું

**કંપનીની લાંબા સમયથી નક્કી કરાયેલી ઉત્તરાધિકારી યોજના એટલે કે સક્સેશન પ્લાન હેઠળ બોર્ડે વૉરેન બફેટના પુત્ર હૉવર્ડ બફેટને નવા ચેરમેન તરીકે પસંદ કર્યા છે.**

**નવી દિલ્હી**

અમેરિકન રોકાણકાર વૉરેન બફેટે બર્કશાયર હેથવેના ચેરમેન પદેથી તાત્કાલિક અસરથી રાજીનામું આપી દીધું છે. કંપનીએ શુક્રવાર, 18 સપ્ટેમ્બરના રોજ જણાવ્યું કે બફેટ હવે ચેરમેન એમેરિટસની ભૂમિકા નિભાવશે. જોકે, તેઓ કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાં યથાવત્ રહેશે. કંપનીની લાંબા સમયથી નક્કી કરાયેલી ઉત્તરાધિકારી યોજના એટલે કે સક્સેશન પ્લાન હેઠળ બોર્ડે વૉરેન બફેટના પુત્ર હૉવર્ડ બફેટને નવા ચેરમેન તરીકે પસંદ કર્યા છે.



જ્યારે ગ્રેગ એબેલ ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર અને સુઝેન ડેકર લીડ ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટરના પદે યથાવત્ રહેશે. વૉરેનના યોગદાનની તુલના કરી શકાય નહીં. બર્કશાયર બોર્ડ તરફથી સીઈઓ ગ્રેગ એબેલે જણાવ્યું કે અમેરિકન બિઝનેસના ઈતિહાસમાં બર્કશાયર અને તેના શેરહોલ્ડર્સ પર વૉરેનના યોગદાનની કોઈ તુલના કરી શકાય નહીં. એબેલે વધુમાં જણાવ્યું કે વૉરેન દ્વારા બનાવવામાં આવેલા કલ્ચર અને મૂલ્યો કંપનીના ફોકસમાં યથાવત્ રહેશે અને હૉવર્ડ બફે તેને આગળ વધારવાનું કામ કરશે. હૉવર્ડ બફેટ 1993થી બર્કશાયરના બોર્ડમાં સામેલ છે હૉવર્ડ બફેટ 1993થી બર્કશાયરના બોર્ડમાં ડિરેક્ટર તરીકે જોડાયેલા છે. તેઓ 1999થી હૉવર્ડ જી. બફેટ ફાઉન્ડેશનનું નેતૃત્વ કરી રહ્યા છે, જે ગ્લોબલ ફુડ સિક્યોરિટી એન્ડ કનફ્લિક્ટ રેજોલ્યુસન પર કામ કરે છે. હૉવર્ડ અનેક જાહેર અને ખાનગી કંપનીઓના બોર્ડમાં રહી ચૂક્યા છે અને લગભગ એક દાયકા સુધી યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના ગુડવિલ એમ્બેસેડર પણ રહ્યા છે. વૉરેન બફેટે 9 મહિના પહેલાં CEO પદેથી રાજીનામું આપ્યું હતું. આ પહેલાં વૉરેન બફેટે 31 ડિસેમ્બરે બર્કશાયર હેથવેના CEO પદેથી રાજીનામું આપ્યું હતું. બફેટે જે કંપનીના આધારે દુનિયાના 10મા સૌથી અમીર વ્યક્તિ બન્યા, તેને ખરીદવી જ તેઓ પોતાના જીવનની 'સૌથી મોટી ભૂલ' માને છે. બફેટે આ કંપની કોઈ બિઝનેસ ડીલ માટે નહીં, પરંતુ ગુસ્સામાં આવીને ખરીદી હતી. જ્યારે એક વખત નિવૃત્તિ વિશે બફેટે કહ્યું હતું કે તેના વિશે વિચારવું પણ અશક્ય છે. મારા માટે તે મૃત્યુ કરતાં પણ ખરાબ હશે. ડૂબતી કાપડની મિલમાંથી બનાવી 98 લાખ કરોડ રૂપિયાની કંપની. 1965માં જ્યારે વોરેન બફેટે બર્કશાયર હેથવેની કમાન પોતાના હાથમાં લીધી હતી, ત્યારે તે સંઘર્ષ કરી રહેલી ટેક્સટાઈલ કંપની હતી.

### પ્રાઇસ બેન્ડ: શેરદીઠ પ્રાઇસ બેન્ડ ₹350/- થી ₹375/- નક્કી કરવામાં આવી છે

## ARMEE ઈન્ફ્રોટેક લિમિટેડ લાવશે ₹30,000 લાખનો IPO: 23 સપ્ટેમ્બરથી સબસ્ક્રિપ્શન શરૂ થશે

**અમદાવાદ**

ઈન્ટિગ્રેટેડ ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે કાર્યરત જાણીતી કંપની ARMEE ઈન્ફોટેક લિમિટેડ દ્વારા તેના પ્રાથમિક પબ્લિક ઓફરિંગ (IPO)ની જાહેરાત કરવામાં આવી છે. કંપની BSE અને NSE પ્લેટફોર્મ પર લિસ્ટિંગ મેળવવાના ઉદ્દેશ્ય સાથે 30,000 લાખનું ભંડોળ ઊભું કરવા જઈ રહી છે.

IPO અંગેની મહત્વની વિગતો

સબસ્ક્રિપ્શન તારીખ: IPO સબસ્ક્રિપ્શન માટે 23 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને 25 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે. એન્કર રોકાણકારો: એન્કર રોકાણકારો માટે બિડિંગ 22 સપ્ટેમ્બર, 2026ના રોજ




યોજાશે. પ્રાઈસ બેન્ડ: શેરદીઠ પ્રાઈસ બેન્ડ 350/- થી 375/- નક્કી કરવામાં આવી છે. લોટ સાઈઝ: લઘુત્તમ 40 ઈક્વિટી શેર અને ત્યારબાદ તેના ગુણાંકમાં બિડ કરી શકાશે. ફેસ વેલ્યુ: પ્રત્યેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ 10 છે. બુક રનિંગ લીડ મેનેજર્સ: ખંડવાલા સીક્યોરિટીઝ લિમિટેડ અને સેરોન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ. રજિસ્ટ્રાર: કેમિયો કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ. રોકાણકારો માટે ફાળવણીની ટકાવારી કંપનીના જણાવ્યા અનુસાર ઈશ્યૂમાંથી મેળવેલી રકમમાં ફાળવણી નીચે મુજબ રહેશે: QIB (ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ): મહત્તમ 25 ટકા હિસ્સો (જેમાંથી 60 ટકા સુધીનો હિસ્સો એન્કર રોકાણકારો માટે અનામત છે). NII (નોન-ઈન્સ્ટિટ્યૂશનલ રોકાણકારો): લઘુત્તમ 22.50 ટકા હિસ્સો. રિટેલ રોકાણકારો: લઘુત્તમ 52.50 ટકા હિસ્સો. ફંડનો ઉપયોગ ક્યાં થશે? રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ મુજબ, IPO દ્વારા પ્રાપ્ત થનારા ફંડમાંથી: 15,500 લાખ: વ્યવસાયના વિસ્તરણ માટે PBGs મેળવવા.

## દિલ્હીથી મુંબઈ સુધી, iPHONE 18 લેવા માટે લાંબી લાઈન લાગી

- **મુંબઈ, દિલ્હી અને બેંગલુરુના સ્ટોર્સ પર લાગી રાતથી જ લાંબી લાઈન; એક ગ્રાહકે કહ્યું- રાત્રે 10 વાગ્યાથી જ લાઇનમાં છું**

**મુંબઈ**

ભારતમાં આજે શુક્રવાર, 18 સપ્ટેમ્બરથી એપલના નવા ફ્લેગશિપ સ્માર્ટફોન આઈફોન 18 પ્રો અને આઈફોન 18 પ્રો મેક્સનું વેચાણ શરૂ થઈ ગયું છે.

દેશભરના એપલ સ્ટોર્સ અને અધિકૃત રિટેલર્સની બહાર નવા આઈફોનને સૌથી પહેલાં ખરીદવા માટે ખરીદદારોની ભીડ જોવા મળી રહી છે. લૉન્ચના દિવસે એપલના રિટેલ સ્ટોર્સ નિર્ધારિત સમય કરતાં વહેલા એટલે કે સવારે 8 વાગ્યે ખોલી દેવામાં આવ્યા. ભારતમાં એપલના કુલ 6 રિટેલ સ્ટોર છે. મુંબઈમાં બે, જ્યારે દિલ્હી, નોઈડા, બેંગલુરુ અને પુણેમાં એક-એક સ્ટોર છે. મુંબઈના BKC સ્થિત એપલ સ્ટોરની બહાર લાઈનમાં ઊભેલા હિતેશ પટેલે જણાવ્યું કે તેઓ આઈફોન ખરીદવા માટે નાસિકથી આવ્યા છે. હિતેશે કહ્યું કે અમે રાત્રે 10 વાગ્યાથી લાઈનમાં ઊભા છીએ. મને સવારે 8 વાગ્યાનો પહેલો સ્લોટ મળ્યો. હું દર વર્ષે મારો ફોન બદલું છું. હાલમાં મારી પાસે 17 પ્રો મેક્સ છે અને હવે હું 18 પ્રો મેક્સ ખરીદવા જઈ રહ્યો છું.' બેંગલુરુમાં સવારે 5 વાગ્યાથી ભીડ, ગ્રાહકો બોલ્યા- અમારા માટે લોન્ચ તહેવાર જેવું છે બેંગલુરુના સ્ટોર પર પહોંચેલા રાહુલ નામના ગ્રાહક સવારે 5 વાગ્યાથી જ લાઈનમાં ઊભા હતા.

### ચૂંટણી બાદ 5 વોર્ડ પ્રમુખોને નોટિસ વિના હટાવ્યા

# અમદાવાદ કોંગ્રેસમાં સંગઠનને લઈને અસંતોષ: 15થી 16 વોર્ડ પ્રમુખોને બદલવાની હિલચાલથી કાર્યકરોમાં રોષ




અમદાવાદ

અમદાવાદ શહેર કોંગ્રેસ સંગઠનમાં વોર્ડ પ્રમુખોની ફેરબદલીને લઈને આંતરિક અસંતોષ સામે આવ્યો છે. શહેરના 15થી 16 જેટલા વોર્ડ પ્રમુખોને બદલવાની હિલચાલ ચાલી રહી હોવાના અહેવાલ વચ્ચે કેટલાક કાર્યકરો અને હોદ્દેદારોએ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલ પટેલની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. બીજી તરફ સોનલ પટેલે સ્પષ્ટતા કરી છે કે ચૂંટણી બાદ નિષ્ક્રિય રહેલા અથવા સંગઠન માટે પૂરતો સમય ન આપતા વોર્ડ પ્રમુખોને બદલવાની કામગીરી ચાલી રહી છે.

સોનલ પટેલના જણાવ્યા મુજબ, જે વોર્ડ પ્રમુખ ચૂંટણી બાદ સંગઠનમાં સક્રિય રીતે દેખાતા નથી અથવા પૂરતો સમય આપી શકતા નથી તેમને બદલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ સિનિયર નેતાઓ સંબંધિત વોર્ડમાં જઈને ચર્ચા કરી રહ્યા છે અને નવા પ્રમુખ નક્કી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

તેમણે કહ્યું કે કોઈપણ કાર્યકર્તા પોતાની લાગણી અને રજૂઆત વ્યક્ત કરી શકે છે. વોર્ડ અંગે ચર્ચા કરવા માટે પ્રભારીઓ સંબંધિત વિસ્તારોમાં જઈ રહ્યા છે અને કોઈને વાંધો હોય તો પ્રદેશ પ્રમુખ સમક્ષ પોતાની રજૂઆત કરી શકે છે. કાર્યકરોના જણાવ્યા મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પરિણામ બાદ નવરંગપુરા, જોધપુર, મક્તમપુરા, વટવા અને રામોલ-હાથીજણ સહિત પાંચ વોર્ડના પ્રમુખોને બદલવામાં આવ્યા હતા. આ વોર્ડમાં જૂના પ્રમુખોને હટાવ્યા બાદ નવા પ્રમુખોની નિમણૂક હજુ સુધી થઈ ન હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. હવે વધુ 15થી 16 વોર્ડ પ્રમુખોને બદલવાની ચર્ચા વચ્ચે કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે. કેટલાક હોદ્દેદારોનો આક્ષેપ છે કે ચૂંટણીમાં થયેલી નિષ્ફળતાની જવાબદારી માત્ર વોર્ડ સ્તરના કાર્યકરો પર નાખવાને બદલે શહેર સંગઠનની કામગીરીની પણ સમીક્ષા થવી જોઈએ.

**ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા તેનો દોષ વોર્ડ પ્રમુખો પર ઢોળાયો |** વિધાનસભા અને સ્થાનિક ચૂંટણીઓમાં ઉમેદવારોને ટિકિટ મળ્યા બાદ પણ ફોર્મ પરત ખેંચી લેવા જેવી શરમજનક સ્થિતિ સર્જાઈ હતી, જેની નૈતિક જવાબદારી શહેર પ્રમુખ સ્વીકારવાના બદલે પાયાના હોદ્દેદારો પર ઢોળી રહ્યા છે. કાર્યકરોનો સીધો આક્ષેપ છે કે પ્રમુખ તરીકે સોનલબેન પટેલની નિમણૂક બાદ પક્ષનો એકપણ મોટો અસરકારક કાર્યક્રમ જોવા મળ્યો નથી. કાર્યક્રમો માત્ર પૂર્વ અમદાવાદના ગણ્યા-ગાંઠ્યા વિસ્તારો પૂરતા સીમિત રહે છે અને કોઈ નવો યુવા ચહેરો પક્ષ સાથે જોડાતો નથી, જેના લીધે કાર્યકરોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે. કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ વોર્ડ પ્રમુખ ધીરુભાઈએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, કોઈપણ સુનાવણી વગર પ્રમુખોને હટાવી દેવાયા છે. તેમણે જણાવ્યું કે જેમના વોર્ડમાં અગાઉ કરતાં સારું પરિણામ આવ્યું હતું તેમને પણ સાઈડલાઈન કરી દેવાયા.

### અમદાવાદની ઐતિહાસિક પોળોમાં મોતના મોહરા જેવા બનેલા જુનવાણી મકાનો

## કાલુપુરની દોશીવાળાની પોળમાં મકાન ધરાશાયી, સદનસીબે જાનહાનિ ટળી!

અમદાવાદ



અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલી ઐતિહાસિક દોશીવાળાની પોળમાં ગોપીનાથજીની હવેલીની ખડકી પાસે એક જુનવાણી મકાનનો મોટો ભાગ અચાનક ધરાશાયી થવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ચોમાસાના વરસાદી માહોલ વચ્ચે જર્જરિત મકાનનો ભાગ કડાકાભેર જમીનદોસ્ત થતાં જ સમગ્ર પોળમાં ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દોશીવાળાની પોળમાં આવેલા આ વર્ષો જૂના મકાનની હાલત લાંબા સમયથી અત્યંત દયનીય હતી. વરસાદી પાણીના કારણે મકાનની દીવાલો પોચી પડી ગઈ હતી અને અચાનક મોટો ભાગ નીચે ખાબક્યો હતો. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના રહિશો અને વેપારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે જે સમયે મકાનનો ભાગ તૂટી પડ્યો તે જ ક્ષણે નીચેથી કોઈ વાહન કે પદયાત્રી પસાર થઈ રહ્યા નહોતા, જેથી એક મોટી જાનહાનિ ટળી છે. પરંતુ જો આ ઘટના પીક અવર્સ દરમિયાન બની હોત તો કેટલાય નિર્દોષ લોકોનો ભોગ લેવાયો હોત! ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) નો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને કાટમાળ હટાવવાની તથા આસપાસના વિસ્તારને બેરિકેડ કરીને સુરક્ષિત કરવાની કવાયત હાથ ધરી હતી. પરંતુ અહીં સવાલ એ ઊભો થાય છે કે તંત્ર હંમેશા કોઈ મોટો અકસ્માત બને તેની જ રાહ કેમ જોતું હોય છે? દર વર્ષે ચોમાસા પહેલા તંત્ર દ્વારા કોટ વિસ્તારની પોળોમાં આવેલા ભયજનક મકાનોને માત્ર કાગળ પર નોટિસો આપીને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લેવામાં આવે છે.

## 'સ્માર્ટ' કેફેની આડમાં ચાલતું હતું હુક્કાબાર: સોલા હાઇકોર્ટ પોલીસે પાડ્યા દરોડા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થોનું વેચાણ અટકાવવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પોલીસ કમિશનર તથા સંયુક્ત પોલીસ કમિશનર (સેક્ટર-૦૧) દ્વારા આપવામાં આવેલી ખાસ સૂચનાના આધારે સોલા હાઈકોર્ટ પોલીસે મોટું ઓપરેશન પાર પાડ્યું છે. ભાડજ ગામ સુપરસિટી રોડ પર આવેલા એક જાણીતા કેફેમાં 'હર્બલ'ના નામે ગ્રાહકોને નિકોટીનયુક્ત ઝેર પીરસતા ગેરકાયદે હુક્કાબારનો પર્દાફાશ કરીને પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.એન. ભુકણની રાહબરી હેઠળ પો.સ.ઈ. એન.એસ. સિંઘ અને તેમની ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન પોલીસને ચોક્કસ અને સચોટ બાતમી મળી હતી કે ભાડજ ગામ સુપરસિટી રોડ પર આવેલ 'ધ વિન્ટેજ બ્રુ કેફે' (The Vintage Brew Cafe) ના સંચાલકો માત્ર અંગત આર્થિક ફાયદા માટે ગ્રાહકોને હર્બલ ફ્લેવરના બહાને ગેરકાયદેસર રીતે નિકોટીન અને તમાકુયુક્ત હુક્કા પીવડાવી રહ્યા છે.

### ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર વધારો

## સોલા અને અસારવા સિવિલમાં 11 સ્વાઈન ફ્લૂના કેસ:45,753 લોકોએ OPDમાં સારવાર લીધી

અમદાવાદ




અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં આવેલા પલટા અને ચોમાસાના વરસાદ બાદ વાયરલ અને મચ્છરજન્ય રોગચાળાના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. શહેરની અસારવા સિવિલ હોસ્પિટલ અને સોલા GMERS મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ દ્વારા 7 સપ્ટેમ્બરથી 13 સપ્ટેમ્બર સુધીનો સાપ્તાહિક આરોગ્ય રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, છેલ્લા અઠવાડિયામાં જ ઓપીડી (OPD) વિભાગમાં 30,000 થી વધુ દર્દીઓએ સારવાર મેળવી છે, જ્યારે 26,000 થી વધુ દર્દીઓને આઈપીડી (IPD) એટલે કે ઈનડોર પેશન્ટ તરીકે દાખલ કરીને સારવાર આપવામાં આવી છે. ખાસ કરીને ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં ગયા મહિનાની તુલનાએ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગયા મહિને નોંધાયેલા 94 ડેન્ગ્યુ કેસની સામે આ મહિને અત્યાર સુધીમાં આંકડો 156 સુધી પહોંચી ગયો છે. જ્યારે ચિકનગુનિયાના કેસો પણ ગયા મહિનાના 10 થી વધીને 17 સુધી પહોંચ્યા છે. જોકે, રાહતની વાત એ છે કે હિપેટાઈટિસ (કમળો), ઝાડા-ઉલટી અને મલેરિયાના કેસોમાં ગયા મહિનાની સરખામણીએ ઘટાડો નોંધાયો છે. હિપેટાઈટિસના કેસો 194 થી ઘટીને 73 પર આવ્યા છે. સ્વાઈન ફ્લૂના કેસની વાત કરીએ તો, અત્યારે બે દર્દી છે, બેય બંને ફીમેલ મહિલા છે. અને આ બંનેની કન્ડિશન સ્ટેબલ છે. એક મહિલા વિધાઉટ ઓક્સિજન છે, અને બીજા જે બેન છે એમને નેઝલ પ્રોંગ એટલે કે સામાન્ય ઓક્સિજનની રિક્વાયરમેન્ટ છે.

### સ્ટેટ અને નેશનલ એથ્લીટ્સ માટે સિન્થેટિક ટ્રેકનો ઉપયોગ

## ગુજરાત યુનિ. સિન્થેટિક ટ્રેકમાં સ્ટેટ કે નેશનલ એથ્લીટ પાસેથી હવે ભાડું વસૂલાશે

અમદાવાદ




ગુજરાત યુનિવર્સિટીએ પ્રથમવાર સ્પોર્ટ્સ ફેસિલિટીના ઉપયોગ માટે સત્તાવાર પોલિસી જાહેર કરી છે. હવે સિન્થેટિક ટ્રેક અને અન્ય રમતો માટે ભાડાં નક્કી કરાયા છે. રાજ્ય/નેશનલ એથ્લીટ્સ માટે ટ્રેકનું ભાડું 1500 રૂપિયા રહેશે. કંપનીઓ માટે ઈવેન્ટના ભાડાં 2500 થી 11,000 રૂપિયા અને 18% GST લાગશે. આનાથી યુનિવર્સિટીની આવક વધશે અને વચેટિયાઓનો દખલ ઘટશે. Gujarat University Sports Facility Policy: ગુજરાત યુનિવર્સિટી દ્વારા સ્પોર્ટ્સ ફેસિલિટીના ઉપયોગ માટે પ્રથમવાર સત્તાવાર પોલિસી જાહેર કરવામાં આવી છે. આ નવી વ્યવસ્થા હેઠળ હવે યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા સિન્થેટિક ટ્રેક અને અન્ય રમતોના ઉપયોગ માટે નિયમો અને ભાડાં નક્કી કરવામાં આવ્યા છે, જેનાથી યુનિવર્સિટીની આવકમાં વધારો થશે અને વચેટિયાઓની દખલ અટકશે. સરકાર દ્વારા કોમનવેલ્થ અને ઓલિમ્પિક જેવી સ્પર્ધાઓની તૈયારીઓને વેગ આપવામાં આવી રહ્યો છે, ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પણ મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા સિન્થેટિક ટ્રેક પર પ્રૅક્ટિસ કે રમત માટે રાજ્ય કક્ષાએ અથવા નેશનલ કક્ષાએ ભાગ લીધેલ હોય તેવા એથ્લીટ્સ પાસેથી 1500 રૂપિયા ભાડું લેવામાં આવશે. આ સુવિધાનો લાભ લેવા માટે એથ્લીટે સ્ટેટ કે નેશનલ કક્ષાનું પ્રમાણપત્ર તેમજ જન્મનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

### મકાન ફાળવણીમાં અધિકારીઓ પર નજર રહેશે

## આવાસ યોજનાના સેમ્પલ ડ્રો હવે ભાજપની કમિટી સમક્ષ પણ કરાશે

અમદાવાદ



ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઘરનું ઘર મળી રહે તેના માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાનો બનાવવામાં આવતા હોય છે, ત્યારે ફાળવણીની પ્રક્રિયા કરવા માટે કરવામાં આવતા ડ્રોમાં પારદર્શિતા રહે તેના માટે હવે મકાનોની ફાળવણી માટેનો ડ્રો હાઉસિંગ કમિટી સમક્ષ પણ કરવામાં આવશે અને કમિટી સમક્ષ થયેલા ડ્રોને જ અંતિમ ગણીને લોક કરી મ્યુનિસિપલ કમિશનરને મોકલવામાં આવશે. અત્યાર સુધી ઈ-ગવર્નન્સ વિભાગ દ્વારા સેમ્પલ ડ્રો અને હાઉસિંગ સેલ દ્વારા ડ્રો કર્યા બાદ ફોર્મેટ લોક કરીને મ્યુનિસિપલ કમિશનરને મોકલવામાં આવતું હતું. ડ્રો પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ અને પારદર્શિતા જળવાઈ રહે તે હેતુથી આ ફેરફાર કરવામાં આવ્યો છે. હાઉસિંગ કમિટીના ચેરમેન દર્શન શાહે જણાવ્યું હતું કે, મકાનોની ફાળવણી માટેની ડ્રો પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ વધે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ ડ્રો પ્રક્રિયામાં વધુ એક લેયર ઉમેરવામાં આવ્યો છે. કોઈ ગેરરીતિ અંગે ફરિયાદ મળી હોય કે એવો કોઈ મુદ્દો ધ્યાન પર આવ્યો હોય તેવું નથી, પરંતુ સમગ્ર પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ વધુ મજબૂત બને તે હેતુથી આ નિર્ણય કરાયો છે. હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈ-ગવર્નન્સ વિભાગ દ્વારા સેમ્પલ ડ્રો કરવામાં આવે છે. ત્યારબાદ હાઉસિંગ સેલ દ્વારા મકાનોની ફાળવણી માટે ડ્રો કરી ફોર્મેટ લોક કરીને મ્યુનિસિપલ કમિશનર સમક્ષ મોકલવામાં આવતું હતું. હવે આ પ્રક્રિયામાં હાઉસિંગ કમિટી સમક્ષ ડ્રો કરવામાં આવશે. તેના પછી બધી તપાસ થયા પછી મ્યુનિસિપલ કમિશનરને ડ્રોનું લેપટોપ મોકલી દેવામાં આવશે અને અંતિમ લોકોની અને મહાનુભાવોની હાજરીમાં કમિશનર કરશે.

## સંક્ષીપ્ત સમાચાર

### વૈષ્ણવદેવી અકસ્માતગ્રસ્ત દર્દીની 1.30 લાખની કિંમતી વસ્તુઓ પરિવારને પરત કરી

વૈષ્ણોદેવીથી ગોતા હાઈવે પર બે ટુ-વ્હીલર વચ્ચે અકસ્માતમાં ઈજાગ્રસ્ત યુવકને 108ની ટીમે તાત્કાલિક સારવાર આપી સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવાની સાથે દર્દી પાસે રહેલી 40,840 રોકડ સહિત અંદાજે 1,30,840ની કિંમતી વસ્તુઓ સુરક્ષિત રાખી પરિવારને પરત સોંપી પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શુક્રવારે સવારે અકસ્માતની જાણ થતાં 108ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. અકસ્માતમાં દક્ષેશભાઈ દિનેશભાઈ મિસ્ત્રીને મોઢાના ભાગે ઈજા થઈ હતી. 108 કર્મીઓએ સ્થળ પર પ્રાથમિક સારવાર આપી રક્તસ્ત્રાવ બંધ કર્યો હતો. ત્યારબાદ સ્ટ્રેચર અને સ્પાઈન બોર્ડની મદદથી દર્દીને વધુ સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### વેજલપુરમાં ક્રાઈમ બ્રાન્ચનો મોટો દરોડો: 1.50 લાખની નકલી સિગારેટનો જથ્થો ઝડપાયો

અમદાવાદ શહેરમાં નકલી અને ગુણવત્તાહીન ચીજવસ્તુઓનું વેચાણ કરતા તત્વો સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. શહેરના વેજલપુર વિસ્તારમાંથી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના નામે વેચાતો નકલી સિગારેટનો મસમોટો જથ્થો ઝડપી પાડીને પોલીસે કાળો કારોબાર ચલાવતી ગેંગનો ખુલાસો કર્યો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વેજલપુર વિસ્તારમાં જાણીતી બ્રાન્ડ્સના નામે નકલી સિગારેટનો મોટો જથ્થો છૂટક અને જથ્થાબંધ વેપારીઓને સપ્લાય કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને સ્થળ પરથી રૂ. ૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર) ની કિંમતની કુલ ૧૨,૦૦૦ નકલી સિગારેટનો જથ્થો કબ્જે કર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે નકલી સિગારેટના જથ્થા સાથે ઘટનાસ્થળેથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસની કડક પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે આ નકલી સિગારેટનો જથ્થો શૈલેષ પટેલ નામનો શખ્સ પૂરો પાડતો હતો. દરોડાની જાણ થતાં જ મુખ્ય સપ્લાયર શૈલેષ પટેલ ફરાર થઈ ગયો હતો.

### ખોખરામાં વૃદ્ધાના ગળામાંથી ₹1.10 લાખની ચેઇન લૂંટી ભાગતા પિતા અને સગીર પુત્ર ઝડપાયો

અમદાવાદના ખોખરામાં 63 વર્ષીય વૃદ્ધાને ચપ્પુ બતાવી 1.10 લાખની સોનાની ચેઈન લૂંટનાર પિતા-પુત્રને લોકોએ ઝડપી પાડ્યા. 17 સપ્ટેમ્બરે પતિ સાથે બેંક જઈ રહેલા અમરાવતીદેવી ત્રિપાઠી પાસેથી મહાલક્ષ્મી કોલોની રોડ પર લૂંટ ચલાવી હતી. લૂંટારુઓનું ટુ-વ્હીલર સ્લિપ થતાં તેઓ પકડાઈ ગયા. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખોખરા વિસ્તારમાં મહાલક્ષ્મી કોલોની રોડ પરથી પતિ સાથે બેંકમાં જઈ રહેલા 63 વર્ષીય વૃદ્ધાને ચપ્પુ બતાવી 1.10 લાખ રૂપિયાની કિંમતની સોનાની ચેઈન લૂંટી ભાગતા પિતા અને તેના સગીર પુત્રને લોકોએ ઝડપી લીધા હતા. લૂંટ ચલાવીને ભાગતી વખતે શંકાસ્પદોનું ટુ-વ્હીલર સ્લિપ થઈ જતાં લોકોએ બંનેને પકડી પોલીસ હવાલે કર્યા હતા.

### નાના ચિલોડા નજીક ₹55 લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે બેંગલુરુનો યુવક ઝડપાયો

અમદાવાદના નાના ચિલોડા સર્કલ પાસેથી નરોડા પોલીસે 24 વર્ષીય યુવકની 55.50 લાખના 1.85 કિલોગ્રામ MD ડ્રગ્સ સાથે ધરપકડ કરી છે. કર્ણાટકના બેંગલુરુનો નિખીલેશ નામનો આ યુવક નાઈજિરિયન ફ્રેન્કના કહેવાથી ચંદીગઢથી ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદ આવ્યો હતો. પોલીસે 55.56 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. નાના ચિલોડા સર્કલ પાસે આવેલી ચામુંડા ટાયરની દુકાન સામે જાહેર રોડ પરથી નરોડા પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને કર્ણાટકના બેંગલુરુના 24 વર્ષીય યુવકની અટકાયત કરી છે. તેની પાસેથી 55.50 લાખની કિંમતનું 1.85 કિલોગ્રામ (1850 ગ્રામ) ગેરકાયદેસર મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

### ગોતામાં 'હ્યુમન રાઇટ્સ'ના નકલી હોદ્દેદારે કારથી 2 લોકોને કચડ્યા, બંનેના દર્દનાક મોત

અમદાવાદના સોલાથી ગોતા રોડ પર ગુરૂવારે (17મી સપ્ટેમ્બર) રાતે કારચાલકે ફુલ સ્પીડમાં કાર હંકારીને બે વ્યક્તિઓને અડફેટે લેતા બંનેના મોત મોત થયા હતા. આ અકસ્માત બાદ કાર મૂકીને ફરાર થયેલા આરોપીની તપાસ કરતા પોલીસને તેની કારમાંથી માનવ અધિકાર આયોગનો લોગોવાળું બોર્ડ અને હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાનું ફેક આઈકાર્ડ મળ્યું હતું. કોઈપણ સત્તાવાર હોદ્દો ન હોવા છતાં સામાન્ય લોકોને ગેરમાર્ગે દોરીને માનવ અધિકારના અધિકારી હોવાનો ઢોંગ કરવા અને અકસ્માત કરવા બાબતે પોલીસે કારચાલક સામે ગુનો નોંધીને વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, સોલા બ્રિજથી ગોતા તરફ જતા રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI